॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052
**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ માતાનું અભયવચન ॥

જાણીતા ધર્મગુરુ કાર્ડીનલ હીનાન બાળપણથી ધર્મગુરુ થવા ઝંખતા હતા. એ દિશામાં જવાના પ્રથમ પગલા તરીકે વેસ્ટમિન્સ્ટર કેથેડ્રેલ કોરમાં સંગીતની તાલીમ લેવા માટે પ્રવેશ મેળવવાનું તેમણે વિચાર્યું. એ પોતાની માતા સાથે ત્યાં ગયા. જાણીતા સંગીતકાર સર રિચર્ડ ટેરીએ હીનાનની પરીક્ષા લીધી. હીનાનમાં સ્તોત્ર ગાવાની આવડત કે કુશળતા નથી એવો અભિપ્રાય તેમણે આપ્યો.

માતા અને દીકરો હતાશ થઈ કેથેડ્રેલમાંથી નીકળી. બાજુમાં આવેલી કાફેમાં બેઠાં. હીનાને મૌન તોડ્યું. માત્ર એટલું કહ્યું; 'મા'. અને આ એક શબ્દ બોલતાં દુનિયા ઊઘડી ગઈ ! પાદરી થવાની તીવ્ર ઝંખનાનો પડઘો પાડતાં તેણે ભારે હતાશાથી કહ્યું; ''મા', હવે હું ક્યારેય પાદરી નહિ થઈ શકું ને ?'

હવે હીનાનની 'મા'માં ન હતી સંગીતની સૂઝ કે ન હતું ધર્મશાસ્ત્રનું જ્ઞાન. હતું કેવળ બાળકની વેદના સાથે વ્યથિત માનું હૃદય. એ બોલી ઊઠી : 'બેટા, તારે પાદરી થવું હશે તો દુનિયાનું કોઈ તત્ત્વ તારી તથા પરમાત્માની વચ્ચે અંતરાય રચી શકશે નહિ.'

હીનાનની 'મા'નું આ અભયવચન હીનાનની નિરાશાને હટાવી, આત્મશ્રદ્ધાનો એવો અજવાસ પ્રસારી ગયું કે હીનાન માત્ર પાદરી નહિ, પ્રસિદ્ધ પાદરી બની રહ્યા. મહાન ધર્મગુરુનું બિરુદ પામ્યા.

**—એક બોધકથા**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

તા.૪ ઑક્ટોબર, ૧૯૮૦
(માતાજી જ્યોતિર્મયીનો નિર્વાણદિન)

## આ અંકની વિશેષતા
## ॥ માતૃપ્રેમ ॥

પૂજ્યશ્રી રચિત માતા જ્યોતિર્મયીના અવિનાશી અક્ષરદેહ

**'તર્પણ'**

**કાવ્યસંગ્રહનો પરિચય**

"પરથમ પરણામ મારા માતાજીને કહેજો,
માન્યું જેણે માટીને રતનજી.
ભૂખ્યા રહી જમાડ્યા અમને
જાગી ઊંઘાડ્યા એવાં
કીધાં રે કાયાનાં જતનજી."

**—શ્રી રામનારાયણ પાઠક**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. જય જય જ્યોતિર્મયી માતા | શ્રી'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૩. 'તર્પણ' કાવ્યસંગ્રહની વિશેષતાઓ | ડૉ. અરુણા ઠાકર | ૧૦ |
| ૪. ગંગાજીનો ગંગાજળથી અભિષેક | સંકલન | ૧૮ |
| ૫. માતાપિતાનું ઋણ | " | ૩૯ |
| ૬. વિશ્વભરમાં માતૃપ્રેમનો મહિમા | " | ૪૨ |
| ૭. ગુજરાતી સાહિત્યમાં માતૃપ્રેમનો મહિમા | " | ૪૪ |
| ૮. કવિવર ટાગોરની અદ્ભુત રચના | " | ૫૦ |
| ૯. સંત બાયજીદની માતૃસેવા | " | ૫૨ |
| ૧૦. ચિરકારીની દૃષ્ટિએ માતૃમહિમા | " | ૫૩ |
| ૧૧. 'હું જો દેવદૂત હોઉં તો મા, તું મારી પાંખો છે.' | " | ૫૪ |
| ૧૨. આદિ શંકરાચાર્ય અને માતા આર્યમ્બા | " | ૫૫ |
| ૧૩. જીવનસંધ્યાનું ઐશ્વર્ય | ડૉ. નાનક ભટ્ટ | ૬૦ |


**॥ ક્ષમસ્વ ॥**

ઑગસ્ટ ૨૦૨૩ ના અંકમાં પાના નંબર ૩૬, ૩૭ અને ૩૮ પર યાંત્રિક ખામીને કારણે એકનું એક અવતરણ પુનરાવર્તન થવા પામ્યું છે તો દરગુજર કરશોજી.

**નિવેદન :** 'માન્યતે પૂજ્યતે યા સા માતા'

'માતા' આપણા અસ્તિત્વની આસપાસ હંમેશાં એક આબોહવારૂપે, જીવનસમગ્રના વાતાવરણરૂપે હોય છે. 'મા'એ નામ નથી, ક્રિયાપદ છે.

કોઈપણ માણસનો જગતમાં સૌથી પહેલો શારીરિક, માનસિક, આધ્યાત્મિક સંબંધ 'મા'થી શરૂ થાય છે. 'મા' ગર્ભ ધારણ કરે, જન્મ આપે, પોષણ કરે, ઉછેરે.

'બૃહદ ધર્મપુરાણ'માં માતાનાં એકવીસ નામ છે : માતા, ધરિત્રી, જનની, દયાર્દ્રહૃદયા, શિવા, દેવી, ત્રિભુવનશ્રેષ્ઠા, નિર્દોષા, સર્વદુઃખહારા, પરમ આરાધ્યા, દયા, શાંતિ, ક્ષમા, ધૃતિ, સ્વાહા, ગૌરી, પદ્મા, વિજયા, જયા તથા દુઃહન્ત્રી.

આપણી માતાની વિભાવના 'દેવી' સુધી પહોંચી છે. જેમકે, દુર્ગામાતા, અંબામાતા, સરસ્વતીમાતા, કાલીમાતા.

મહાભારતકારે નદીઓને 'વિશ્વની માતા' કહી છે : 'આ સંસાર પહાડ જેવો કઠોર અને અવિચળ છે. એમાં કોઈ વહેતું તત્ત્વ' હોય તો નદી જેવો માતાનો પ્રેમ છે.

આપણને ક્યાંય પણ કશુંક પવિત્ર, સંસ્કારી, પૂજનીય દેખાય ત્યારે તેની સાથે 'માતા' શબ્દ જોડી દઈએ છીએ; એમાં કેટલું બધું ઔચિત્ય છે ! જેમકે; ભારતમાતા, માતૃભાષા, માતૃભાષા, પ્રકૃતિમૈયા, ગંગામૈયા, ધરતીમાતા.

માનવતેર સૃષ્ટિમાં પશુઓ-પંખીઓ-જીવજંતુઓમાં પણ માતૃભાવ હોય છે જ પણ તે મૂક હોય છે. જ્યારે મનુષ્ય પાસે વાણીનું વરદાન હોવાથી તે માતૃપ્રેમની ઉષ્મા તેમજ સુષમા પ્રગટ કરી શકે છે.

પૂજ્યશ્રી યોગેશ્વરજીએ માતાજીના સમગ્ર જીવનકાળ દરમ્યાન અત્યંત સ્નેહ-કાળજીથી તેમનું જતન કર્યું હોય છે. એટલે માતાજીના સ્વર્ગવાસ પછી તેઓશ્રીએ કરેલું તર્પણ માત્ર કોઈ ધાર્મિક ક્રિયાકાંડ પૂરતું સીમિત થઈ જવાને બદલે એક અત્યંત સંવેદનશીલ, પ્રતિભાવંત પુત્રના અખૂટ સ્નેહની કાવ્યમય અભિવ્યક્તિ પામી, 'તર્પણ' શબ્દાંજલિ-ભાવાંજલિનું સ્વરૂપ ધારણ કરી, સાહિત્યમાં શાશ્વતીની સુગંધ પ્રસારે છે.



## ॥ જય જય જ્યોતિર્મયી માતા ॥

જય જય જ્યોતિર્મયી માતા
વંદું માત ભવાની...
લાડકવાયા પુત્રરત્નને પ્રભુપંથે પધરાવ્યા,
ત્યાગ તમારો ધન્ય ગણીને દેવો પણ હરખાયા...જય જય
દેવપ્રયાગે પ્રભુની સાથે છાયા બની વિરાજ્યા,
કષ્ટ સહ્યાં એકાંત પ્રદેશે શ્રદ્ધાદીપ પ્રગટાવ્યા...જય જય
વ્રત ઉપવાસ પ્રભુના આપે સમજણ થકી વધાવ્યાં,
પ્રત્યક્ષ માતૃદેવ ગણીને પ્રભુએ પણ અપનાવ્યાં...જય જય
પુત્રરત્નને પ્રભુરૂપ માની પરમ શાંતિ તમે પામ્યાં,
જીવનનું કલ્યાણ કરીને ભવનાં બંધન ટાળ્યાં...જય જય
સેવાનું સદ્ભાગ્ય ધરીને સર્વેશ્વરીને સ્વીકાર્યાં,
અંતે કૃપા ઘણી વરસાવી આશિષ દઈ સિધાવ્યાં...જય જય
મનહર મંગલ માતૃઅંકમાં બાળસ્વરૂપે પધારી,
યોગેશ્વર પ્રભુ દર્શન દેજો વિનંતી લેજો વધાવી...જય જય
કૃપાતણી વર્ષા વરસાવો પરમધામથી પ્રીતે,
સર્વેશ્વરીનો સાદ સુણી લો યોગની અવનવી રીતે...જય જય

**—શ્રી'મા' સર્વેશ્વરી**

॥ ૐ મા જ્યોતિર્મયૈ નમઃ ॥



''મા' જ્યોતિર્મયી આપનાં ચરણે વંદન કરીએ આજ અમે
પ્રગટાવ્યા પ્રભુ અમ વચ્ચે એ ઉપકારને ના ભૂલીએ'

—શ્રી'મા' સર્વેશ્વરી



# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૧૧૮**

**તા. ૧૪-૩-૮૩, સોમવાર, ફાગણ વદ અમાસ સં. ૨૦૩૯**

**ડરબન શહેર**

આજે હંમેશ મુજબ નિત્યકર્મ થયું.

ભોજન બાદ આજની મુલાકાતમાં એક ડૉક્ટર મળવા આવે છે. પૂ.શ્રીની આંખે આંજણી થઈ છે. તેથી તેઓ તેની સારવાર માટે તૈયાર થાય છે, પરંતુ પૂ.શ્રી ના પાડે છે.

ઉતારાની બાજુના મકાનમાં ઉત્તરપ્રદેશના એક ભાઈ રહે છે. તેમને ત્યાં સિંદૂરનું વૃક્ષ છે તેના ફળમાંથી સિંદૂરનાં બી કાઢીને તેમણે તેનો મલમ બનાવ્યો. તે પણ પૂ.શ્રીને લગાડવાનો ના ફાવ્યો.

સાંજે સમૂહ-ધ્યાનની બેઠક દરરોજની જેમ સપ્તાહ મંદિરમાં થઈ. ત્યાં પૂ.શ્રી આંખ બંધ કરીને બેઠા. ત્યારે જ આંખની તે આંજણી ફૂટી ગઈ.


ભારત હૉલમાં દરરોજની જેમ આજે 'શક્તિપૂજા' ઉપર પ્રવચન થયું. માનવરૂપે રાક્ષસી વૃત્તિવાળા માનવો આજે પણ વસે છે, તે ઉપર પૂ.શ્રીએ સુંદર સમજ આપી.

પ્રવચન બાદ આરતી થઈ. પછી સૌ છૂટાં પડ્યાં.

અમે ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

હરિઃ ૐ

—શ્રી'મા' સર્વેશ્વરી






## ॥ 'તર્પણ' કાવ્યસંગ્રહની વિશેષતાઓ ॥

ઑક્ટોબર ૧૯૮૨માં પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજીનો પ્રગટ થયેલો 'તર્પણ' કાવ્યસંગ્રહ માતાને અપાયેલી શબ્દાંજલિ-ભાવાંજલિ છે.

૮૧ કાવ્યોનો આ પદસંચય છે. તેના પ્રત્યેક કાવ્યમાં યોગેશ્વરજીનું હૃદય માતૃપ્રેમે દ્રવતું જણાય છે. તેમને પોતાની જન્મદાત્રી માતા પ્રત્યે અપાર ભક્તિ હતી. (આદિ શંકરાચાર્ય, સ્વામી રામદાસ, શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી રમણ મહર્ષિ અને રંગ અવધૂતજી વગેરે સાધુ સંન્યાસી હોવા છતાં માતૃભક્તિથી રંગાયેલા હતા. માતાને વિસર્યા ન હતા.) તેમ યોગેશ્વરજી પણ સંન્યાસી હોવા છતાં અનન્ય માતૃભક્ત હતા. માતા પ્રત્યેની એ ભાવના આ 'તર્પણ' કાવ્યસંપુટરૂપે આવિષ્કાર પામી છે.

૪ થી ઑક્ટોબર ૧૯૮૦ ભાવનગરમાં લગભગ પોણા બે મહિનાની અશક્તિ પછી ૭૮ વર્ષની ઉંમરે યોગેશ્વરજીનાં પૂજ્ય માતાજી જ્યોતિર્મયીનો સ્વર્ગવાસ થયો. બત્રીસ વરસ જેટલા સુદીર્ઘ સમય સુધી તેઓ અહર્નિશ તેમની સાથે જ રહેલાં અને તેઓની જીવનસાધનાના સાક્ષી બનેલાં. બે વાર યોગેશ્વરજી સાથે પરદેશ-યાત્રા પણ કરી હતી. માતાના પાર્થિવ તનુના પરિત્યાગથી કવિને થયું કે, 'એમનું અવિનાશી અક્ષરદેહમાં તર્પણ કરું. એ ૭૮ વરસ રહ્યાં તો ઓછામાં ઓછાં ૭૮ કાવ્યો લખું એમને અંજલિરૂપે. વધારે લખાય તો પણ હરકત નહિ.' 'તર્પણ' કાવ્યસંગ્રહ તેનું જ પરિણામ છે.

સાબરમતી નદીને કિનારે ધોળકા પાસે આવેલા નાનકડા સરોડા ગામમાં માતાજી તેમનાં વયોવૃદ્ધ અંધ સાસુમાની સાથે

રહેતાં હતાં. પિતાનાં તે અંધ વૃદ્ધ માતાની વિદાય પછી યોગેશ્વરજી માતાજીને પોતાની સાથે હિમાલયમાં લઈ ગયા. ત્યાગી, સંન્યાસી પુત્રની કઠિન તપશ્ચર્યાના તે મૂક સાક્ષી બન્યાં. પુત્રને કદી પણ પુત્રભાવે ન નિહાળતાં પરમેશ્વરરૂપે આરાધ્યા. હિમાલયના અનેક કષ્ટદાયી નિવાસને હસતે મુખે સહી પોતે સાધનાપરાયણ બની ભગવદ્‌ભાવમાં રત રહ્યાં. લગભગ ત્રણ દાયકા જેટલો લાંબો સમય કવિશ્રીએ માતાની ભક્તિભાવપૂર્ણ સેવા કરી. જગદંબાની પ્રેરણા અનુસાર યોગેશ્વરજીએ માતાનું મૂળ નામ જે જડાવબહેન હતું તેનું જ્યોતિર્મયી કર્યું. તેમજ જીવનસાધનામાં સતત પોતાની સાથે રાખ્યાં.

આવા સુદીર્ઘ સહવાસ પછી માતાની વિદાય ઘણી હૃદયવિદારક કહેવાય. તે કરુણ ઘટનામાંથી આ કરુણપ્રશસ્તિકાવ્યો ઉદ્‌ભવ્યાં છે. માતાના મૃત્યુનો શોક શ્લોકત્વને પામ્યો છે. તે રીતે 'તર્પણ'નાં કાવ્યો કરુણપ્રશસ્તિ-કાવ્યસંગ્રહ કહી શકાય.

આપણા મૂર્ધન્ય કવિશ્રી ન્હાનાલાલે પોતાના પિતા દલપતરામને શ્રદ્ધાંજલિ અર્પતું કાવ્ય લખ્યું છે. તે સુવિખ્યાત કાવ્યનું શીર્ષક છે—'પિતૃતર્પણ'. યોગેશ્વરજીનો 'તર્પણ' કાવ્યસંગ્રહ 'માતૃતર્પણ' છે.

'તર્પણ'માં વિષયોચિત ગૌરવ અને ગાંભીર્ય જળવાયાં છે. કાવ્યની રચનાઓમાં શિષ્ટતા, સંસ્કારિતા અને સાહિત્યિક કક્ષા જોવા મળે છે. મોટાભાગની રચનાઓ છંદોબદ્ધ છે. કેટલાંક સૉનેટ છે. ગેય રચનાઓ પણ સુશ્લિષ્ટ છે.

આ કાવ્યસંપુટમાં શ્રી યોગેશ્વરજી તથા માતાજી જ્યોતિર્મયીના વિવિધ સ્વરૂપનાં દર્શન થાય છે. સંતકવિ સાધના



દ્વારા જીવનને ઉચ્ચ ભૂમિકા પર લઈ જવા છતાંય માનવસુલભ ભાવોથી પર નથી. માતાજી પ્રત્યેનો ભક્તિભાવ આ સંગ્રહનું પ્રેરક બળે છે.

કવિની ૮, ૯ વર્ષની નાની ઉંમરમાં જ પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો. માતાએ વર્ષો સુધી સુખદુઃખના સર્વ સંજોગોમાં એમનું અવર્ણનીય પ્રેમથી જતન કર્યું, જીવનના પાયામાં સુંદર સદ્‌ગુણો ને સંસ્કારોનું સિંચન કર્યું, માતાએ પોતાનો સ્વાર્થ છોડી એકના એક પુત્રને એની ઇચ્છાનુસાર હિમાલય જવાની પ્રેમથી અનુમતિ આપી એ માતાના વિયોગથી પુત્રના અંતરમાં શોક ઉભરાય, માતાનાં સંસ્મરણો જાગૃત થાય એ તદ્દન સ્વાભાવિક છે.

સંગ્રહના મોટાભાગના કાવ્યોમાં કવિની માતૃભક્તિ, માતૃસ્મૃતિ, ભાવના અને જીવનચિંતન : મૃત્યુચિંતન પ્રગટ થયાં છે. તેઓ માતાને જગતજનનીરૂપે જુએ છે અને તેમની પાસેથી મરણોત્તર આશીર્વાદ પ્રાર્થે છે. 'માતા' નામના કાવ્યમાં કવિ કહે છે —

'શબ્દોમહીં મધુર મંગલ શબ્દ માતા,
સૌથી વિશેષ સુખકારક શબ્દકોશે;
સૌથી પવિત્ર વધુ શાંતિ ભરેલ નાનો
મોટો છતાંય મહિમામય શબ્દ માનો.'

તેઓ માતાને પ્રત્યક્ષ દેવ માને છે. 'પ્રત્યક્ષ દેવ કોણ ?'ની પ્રશ્નાવલિને અંતે કવિ કહે છે —

'પ્રત્યક્ષ કિંતુ મહિમામય દેવદેવ,
છે માનવી; મનુજમાં મધુમૂર્તિ માતા.'

જગતમાં માતાઓ ઘણી થઈ, પણ જગતમાતા બની હોય તેવી તો પોતાની માતા જ્યોતિર્મયી જ. માતાનું મહિમાવંત ચિત્ર

ખડું કરતાં 'જગતમાતા' કાવ્યના અંતે તેઓ કહે છે —

'માતા બની શિશુ તણી જગમાં અનેક,
માતા થઈ જગતની પણ કોક એક.'

'જ્યોતિર્મયી'ને કાવ્યમાં તેમણે માતાની જ્યોતિર્મયી મૂર્તિ ખડી કરી છે.

'જ્યોતિર્મયી, તમે જ્યોતિ હતાં સંસારની મહા,
વિલીન દિવ્ય છો આજે પરા જ્યોતિર્મયી થયાં;
શક્તિશાળી વધારે ને વધારે તે છતાં બન્યાં.'

'વિરલ માતા' કાવ્યમાં માતાને યોગીથી પણ અધિક ગણે છે. તેમને ભવ્ય અંજલિ આપતાં કવિ લખે છે —

'માતા તમે વિરલ છેક હતાં અનોખાં.'

માતા તે માત્ર માતા જ ન હતાં. મિત્ર, શિષ્યા, સહાયક અને સેવિકા પણ હતાં. તેમનું વ્યક્તિત્વ અનેક વિશેષતાઓથી દીપ્તિમાન હતું.

'માતા છતાં સુહૃદ શ્રેષ્ઠ બન્યાં તમે તો,
શિષ્યા સહાયક સખા પરિચારિકા વા.'

'માતૃદેવો ભવ' કાવ્યમાં તેઓ માતાને દેવ માનીને વંદે છે.

'પ્રેમસ્વરૂપ'માં તેમણે માતાના પ્રગટ પ્રેમસ્વરૂપને વ્યક્ત કર્યું છે. માતા મૃત્યુ પછી અમૃતને પંથ ગયાં; અમૃતનો પંથ સાધ્યો એવી વિભાવના કવિ વ્યક્ત કરે છે.

'તમારામાં નિહાળ્યાં એ લક્ષણો સ્થિતપ્રજ્ઞનાં' કહી માતાના વ્યક્તિત્વની વિશેષતા વર્ણવે છે. તો 'માતાનો મહિમા' કાવ્યમાં માતાની મમતાળુ અને નિર્મળતાની પ્રતિમાનું ચિત્ર આંક્યું છે. 'ગંગા' કાવ્યમાં. ગંગાથી પણ અધિક પવિત્રતાપૂર્ણ ચરિત્ર



માતાનું હતું તે દર્શાવતાં કહે છે —

'ભણ્યાં વિદ્યાલયે અલ્પ વિદ્યાલયમહીં છતાં
ભણેલાંને તમે અર્પ્યું માર્ગદર્શન નિર્મળ.
અનુભૂતિતણું દૈવી તમારામાં હતું બળ.'

આમ માતા ખાસ ભણ્યાં ન હતાં પણ વિશ્વવિદ્યાલયનું જ્ઞાન મેળવ્યું હતું. સંપત્તિ-વિપત્તિમાં સ્વસ્થ રહ્યાં. હસ્યાં, રડ્યાં, પણ કટુતાથી મુક્ત રહ્યાં. 'સ્મૃતિ' કાવ્ય માતાના જીવનના કાળચક્રની સ્મૃતિકથાની ઝાંખી કરાવે છે. 'અંતકાળ'માં 'મા'ના અંતકાળનો ઉલ્લેખ છે. 'ધન્યજીવન'માં માતાનું ગુણચિત્ર જોવા મળે છે. 'સ્મરણ' કાવ્યમાં જ્યોતિર્મયી માતાની જ્યોતિથી ભરેલી જિંદગીનું સ્મરણ છે. કવિ કહે છે :

'તમે જે જીવ્યાં તે વિષય નવ છે વિસ્મરણનો.'

'તમારો ત્યાગ'માં માતાના ત્યાગપૂર્ણ જીવનનો પરિચય છે. 'યાત્રાની માહિતી'માં જીવનયાત્રાનો ઉલ્લેખ છે. આમ 'તર્પણ'નાં અનેક કાવ્યોમાં જીવનનાં સંસ્મરણો આલેખાયાં છે.

**જીવનચિંતન : મૃત્યુચિંતન :—** 'તર્પણ'માં માતાના મૃત્યુ નિમિત્તે કવિએ પોતાનું જીવન અને મૃત્યુવિષયક ચિંતન રજૂ કર્યું છે. મૃત્યુની ઘટના જ એવી છે કે માનવને જીવન અને જીવન પછીની પરિસ્થિતિ (ગતિવિધિ) વિશે વિચારતાં કરી મૂકે. કરુણપ્રશસ્તિ હંમેશાં જીવ, જગત, જીવન, ઈશ્વર, કર્મફળ, આ લોક, પરલોક વગેરે વિષયક ચિંતન કરે છે.

પૂ.શ્રી યોગેશ્વરજી જીવનદર્શનના કવિ છે. તેમનાં અનેક કાવ્યોમાં આવું જીવનચિંતન વ્યક્ત થયું છે. 'ટૂંકા પ્રવાસમાં' કવિ કહે છે —

'સૌને છે જવાનું અંતે અલગ થવાનું,
ના કિંતુ પ્રેમને કો સ્વાહા કરી જવાનું.'

આ જીવનમાં બધું મર્ત્ય છે, પણ પ્રેમ અમર્ત્ય છે. 'યાત્રા' કાવ્યમાં કવિ જીવનયાત્રા વિશે ચિંતન વ્યક્ત કરે છે :

'આ જિંદગી પુનિત મંગલ એક યાત્રા,
આ જિંદગી પરમ મંગલ પુણ્ય ગાથા.'

'અંતકાળે' કાવ્યમાં કવિ જગતનાં સંબંધોની સમીક્ષા કરે છે :

'જગતમાં કોઈય કોઈનું નથી,
એક ઈશ્વરના વિના.'

'પ્રત્યક્ષ દેવ'માં કવિ પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, અનિલ, વ્યોમ, સરિતા, સાગર, વૃક્ષ, વેલી, સૃષ્ટિ સૌ પ્રકૃતિતત્ત્વોને પરમ દેવનાં પ્રતીક તરીકે ઓળખાવે છે અને કહે છે—સમગ્ર પ્રકૃતિમાં પ્રત્યક્ષ દેવ સમાન તો એક માનવ છે ને માનવમાંય મધુમૂર્તિ છે માતા. માતા સાક્ષાત્ પ્રત્યક્ષ દેવતા છે.

'પ્રત્યક્ષ કિંતુ મહિમામય દેવદેવ,
છે માનવી; મનુજમાં મધુમૂર્તિ માતા.'

'ધન્ય જીવન'માં જીવનની ધન્યતાની વ્યાખ્યા આપી છે.

કોની જિંદગી ધન્ય ?

'જવાથી જેહના પામે પીડા કે શોક માનવી,
રડે મૃત બને એટલી જિંદગી ધન્ય જાણવી.'

આપણને મળેલી જિંદગી એ કંઈ સામાન્ય વસ્તુ નથી. 'જિંદગી મળી' કાવ્યમાં તેની અમૂલ્યતા દર્શાવી છે.

'જિંદગી મળી, તને જિંદગી મળી,
હીરા માણેક ને મોતીથી મોંઘી,



અમૂલ્ય કહેવાય એવી જિંદગી મળી.'

કવિ કહે છે જિંદગી રણમાંની વીરડી છે, ગીતનું સંગીત છે, પ્રીતની પરબ છે, નવનીતની પ્યાલી છે, કરુણાની હેલી છે. જિંદગી અન્ય કાજે જીવવામાં તેનું સાર્થક્ય છે. આ જીવન એક કાચનું ઘર છે. ગમે ત્યારે ફૂટી જાય. એને સાર્થક બનાવવામાં જીવનની ધન્યતા છે.

યોગેશ્વરજીની માતા પ્રત્યેની ભાવના અનેક કાવ્યોમાં અભિવ્યક્તિ પામી છે. પરંતુ 'જીવનમંદિર' કાવ્ય અનોખું છે. માતાની સ્મૃતિમાં એક ભવ્ય મંદિર બનાવવાની ભાવના કવિમાં જાગે છે પરંતુ પછી તેઓ નિશ્ચય કરે છે કે પોતાનું જીવન જ દિવ્ય બનાવવું.

'મને થયું કે એક તમારું મંદિર રમ્ય રચાવું,
એનાં કરતાં જીવનમંદિર મારું દિવ્ય બનાવું.'

માતાના જીવનમાંથી કવિને ત્યાગ, સેવા, સમર્પણ વગેરે ભાવનાઓ પ્રાપ્ત થાય છે. 'ભાવના' કાવ્યના અંતે કવિ સદ્‌ગત માતાને પ્રાર્થના કરે છે –

'તમે જ્યાં હો ત્યાંથી પ્રતિદિન શુભાશિષ વર્ષો,
અમીદૃષ્ટિ ઢાળો, જગતે જગવો, દિવ્ય સ્પર્શો.'

'શુચિ શ્રાદ્ધ'માં કવિએ પરમ શુચિ જીવનને જ શ્રાદ્ધ ગણ્યું છે. ટૂંકા પ્રવાસમાં અંતે કવિ ભાવના વ્યક્ત કરે છે –

'ટૂંકા પ્રવાસમાં જે સાથે મળીએ,
તે સર્વને હૃદયથી ભાવે ભળી જમીએ.'

'સર્વેશ્વરીની સેવા' કાવ્યમાં 'મા' સર્વેશ્વરીએ માતા જ્યોતિર્મયીની અનુપમ સેવા કરી હતી. પેટની દીકરી પણ ન

કરી શકે એવી સેવા કરી હતી. તે શકવર્તી ઐતિહાસિક ઘટનાને કવિએ શબ્દબદ્ધ કરી છે અને માતૃતર્પણનાં કાવ્યોમાં તેને સ્થાન આપ્યું છે તે નોંધપાત્ર છે.

'પેટની દીકરીયે ના સેવા આવી કરી શકે.
રાત ને દિન; કંટાળો જરાયે એમને નથી.
નથી થાક નથી ખ્યાલ લેશ વિશ્રાંતિનો વળી,
પોકારું ને સ્વલ્પ ત્યાં આવે દોડી શીઘ્રાતિશીઘ્ર ને
ઝબકી નીંદથી જાગે જગાડું ત્યાં સપ્રેમ એ.'
'તમારી શુશ્રૂષા પામી પામ્યાં સંતોષ માત એ,
તમે તપ ગણી, તેને માની જપ સદા રહ્યાં.
પ્રસન્ન સ્વસ્થ ને શાંત; માનીતાં એમનાં બન્યાં,
વચનો એમણે ત્યારે એવાં સંતૃપ્તિનાં કહ્યાં.
શુભાશીર્વાદયે અર્પ્યાં આલિંગી તમને વળી,
સર્વેશ્વરી, તમે સેવા કરી જ્યોતિર્મયીતણી
શકવર્તી ખરે એનો ઈતિહાસ ગયો બની.'

આમ ગુજરાતી સાહિત્યમાં માતૃભક્તિનાં, કરુણપ્રશસ્તિ કાવ્યોના સંગ્રહ તરીકે 'તર્પણ' નોંધપાત્ર છે. 'તર્પણ' એ કોઈ સળંગસૂત્ર સ્મરણસંહિતા નથી, તેમ છતાં એકે એક કાવ્ય સ્વતંત્ર રીતે કરુણપ્રશસ્તિ કાવ્ય છે. અને સંગ્રહનાં સૌ કાવ્યપુષ્પો ભેગાં મળીને કરુણપ્રશસ્તિ કાવ્યમાળાસ્વરૂપે પ્રસ્તુત થાય છે. એમાં કવિના અંતરના ભાવ અને ભાવનાયુક્ત અનુભૂતિ તથા જીવન અને મૃત્યુવિષયક ચિંતન ગૌરવાન્વિત રીતે પ્રગટ થાય છે તે કવિની એક કાવ્યસિદ્ધિ લેખે ઉલ્લેખનીય છે.

**–ડૉ. અરુણા ઠાકર**



# ॥ ગંગાજીનો ગંગાજળથી અભિષેક ॥

[પોતાનો એકનો એક પુત્ર તેજસ્વી કારકિર્દી તેમજ આર્થિક સ્થિરતા સલામતીનો વિકલ્પ ત્યજી હિમાલય જવા ચાહે છે ત્યારે પોતાની અસહાયતા, ગામલોકોની મનોવૃત્તિ, સંસારના સંકટો સામે ઝઝૂમવાની પોતાની અશક્તિ-આવું કોઈપણ કારણ આગળ ધર્યા વિના માતા પુત્રના સંન્યાસનો સમજણભર્યો સ્વીકાર કરી લે છે.

માતાના આવા સ્થિર સંતુલિત પુત્રપ્રેમને સમાંતરે યોગેશ્વરજીએ પણ પોતાની માતા પ્રત્યેનો પ્રેમ પૂરેપૂરી નિષ્ઠાથી નિભાવ્યો. પોતાની પ્રેમભરી સંભાળ લેનાર સામાન્ય, સરેરાશ નારીમાં તેમણે અનન્ય પ્રભુશ્રદ્ધાનું બી વાવ્યું, સંવર્ધિત કર્યું. વર્ષો હિમાલયમાં સાથે રાખ્યાં. ભારતનાં તીર્થધામોની યાત્રા કરાવી. વિદેશની યાત્રાઓમાં સાથે રાખ્યાં.

મહાન પ્રજ્ઞાવાન પુત્ર અને અલ્પમતિ માતાનું સ્નેહભર્યું સાયુજ્ય આપણને મુગ્ધ કરી દે તેવું છે. માતા જવાબદારી કે બોજો નથી. એના અખૂટ વાત્સલ્યની અમીધારા એને સાધારણ જનનીપદેથી ઉઠાવીને જગદંબારૂપે પ્રતિષ્ઠિત કરવા પર્યાપ્ત છે; એવી સમજણથી શ્રી યોગેશ્વરજી બહુ સહજ રીતે માતાજીનું જડાવબહેનમાંથી જ્યોતિર્મયી માતામાં રૂપાંતર સિદ્ધ કરી, વિશ્વ સમક્ષ માતૃપ્રેમનું એક ઉજ્જવલ દૃષ્ટાંત ધરી રહે છે.

પુત્ર સંત-ભગવંત હોય છતાં એનું શિર માતાનાં શ્રીચરણોમાં અવનત રહે એમાં જ માતા-પુત્ર બંનેનાં ગૌરવ-ગરિમા છે; આ 'સત્ય' પ્રસ્થાપિત કરતો 'તર્પણ' કાવ્યસંગ્રહ સાચે જ સમગ્ર ગુજરાતી સાહિત્યમાં અજોડ અને અનુપમ કહી શકાય તેવો છે. આ અંકમાં ગંગાજીનો અભિષેક ગંગાજળથી અર્થાત્ 'તર્પણ'ની પંક્તિઓથી 'તર્પણ'ને વધાવવાનો ઉપક્રમ કર્યો છે.]

## ॥ 'તર્પણ'ની પંક્તિઓથી 'તર્પણ'ને વધાવવાનો ઉપક્રમ ॥

'કેમે શકો નવ જલી કદીયે તમે તો,
જ્વાળા શકી નવ જરી તમને જલાવી.
ડૂબી ગયાં પરમજ્યોતિમહીં પ્રસન્ના,
અંતે બન્યાં અમર મંગલ, મૃત્યુ મારી.'
વાર્ધક્ય-વ્યાધિ-વિષ-મૃત્યુ-અશાંતિ કેરી,
તેમાં તમે અમૃત સીંચન કાજ આવ્યાં.
જીવ્યાં, તમિસ્રથરમાં નવતેજ લાવ્યાં;
દાઝયાં નહિ, અવરને નવ દાઝવાંયે દીધા;
ચિતા હૃદયની શમવી બધીયે
અંતે થયાં પરમશાંતિ થકી વિદાય.

**(અમર મૃત્યુ)**

✻

'પધારીને પૃથ્વીપટ પર તમે જ્યોતિ જગવી
અનાસક્તિ કેરી અમૃતપદની સ્વાર્પણતણી
જવાનું આવ્યું તો સરળ હૃદયે સત્વર ગયાં.'

✻

'તમે જ્યાં હો ત્યાંથી પ્રતિદિન શુભાશિષ વરસો,
અમીદૃષ્ટિ ઢાળો, જગત જગવો, દિવ્ય સ્પરશો.'

**(ભાવના)**

✻



'મસ્તક તમારા ચરણે સાદર ભલે નમે,
દીક્ષા વિદાય કેરી પામી શક્યાં અમે.'
'ના શોક ના શિકાયત સંતાપ સ્વલ્પયે ના
જોવા મળ્યો તમારા મુખમંડલે ઉરે વા.
સંપૂર્ણ મોહમાર્જન અધ્યાત્મનું ઉપાર્જન
પામ્યા પરમ કરીને બંધનતણું વિસર્જન.'

**(વિદાયવેળાએ)**

✻

સુરસરિની શુચિતા,
ગિરિમાળાની ગંભીરતા,
ફૂલોની ફોરમ, મધની મધુરતા,
ધરિત્રીની તિતિક્ષા, સમુદ્રની સહિષ્ણુતા,
લહરીની લલિતતા,
વ્યોમની વ્યાપકતા.
ચંદનની સૌરભ, શીતળતા,
ચંદ્રિકાની ચારુતા.
કમળની કમનીયતા, કર્દમરહિતતા,
સંગીતની તાલબદ્ધતા.

વર્ષાનું  સંજીવન,
દીપિકાની  તેજોમયતા
સૌના સંપુટ સરખા સમન્વયશાં તમે
વારંવાર વંદન કરીએ અમે.

(સંપુટસરખાં)

✻

'અભાવ વચ્ચે ટકાવી ભાવને
સુધા બનતાં સોમલે જીવનમહીં.'
'આઠ વરસે પિતાજી ચાલ્યા ગયા
તે પછી ઈતિહાસ સરજાઈ ગયો
અવનવો અધ્યાત્મનો સંસારનો
તમે તેનાં મૂક ને સક્રિયશાં
બન્યાં સાક્ષી, ધન્ય જીવનને કરી
પ્રેરણાઓ ભગ્ન અંતરને ધરી.
શ્રાદ્ધ શ્રદ્ધાયુક્ત જીવનથી કર્યું
અમે એને એટલે ગૌરવ ગણ્યું.'

(શ્રાદ્ધ)

✻

'જ્ઞાન અજ્ઞાને કદી વચનો કહ્યાં
કટુક તમને કે અયોગ્ય જરાય હો,
હેય હો વ્યવહાર ના કો'દી કર્યો
દુભાયું દિલ હો પડ્યું, એકાદ યે



અશ્રુ માટે બન્યો ક્યાંય નિમિત્ત કે
શુશ્રૂષામાં કર્યો દોષ પ્રમાદ મેં,
જિંદગીની જટિલ યાત્રાને સરળ
સફળ ઉજ્જવળ સ્વાદુ કરવામાં જરા
ત્રુટિ રહી હો ક્ષમા તો કરજો સકળ.'

(ક્ષમા)

✻

'વહાવ્યાં અસ્થિને મધુર મુખને મંગલ સ્મરી,
ધરિત્રી સારીયે સુખદ સ્પરશે પાવન બની.'

✻

'તમે જીવી જાણ્યું; સ્મરણ નિત આદર્શનું કરી
અમેયે જીવીએ પરમ શુચિ એ શ્રાદ્ધ જ ગણું.'

(શુચિ શ્રાદ્ધ)

✻

'સૌનેય છે જવાનું અંતે અલગ થવાનું
ના કિન્તુ પ્રેમને કો સ્વાહા કરી જવાનું.
ટૂંકા પ્રવાસમાં જે સાથી મળે મળીયે
તે સર્વને હૃદયથી ભાવે ભળી જમીયે.'

('ટૂંકા પ્રવાસમાં')

✻

‘જેના વિના પરમાણુ રિક્ત કો નહિ;
ચેતના તે મૂર્ત બની તમારા રૂપે
તમે સૌનાં આદિ છો ને જનની શુભે !’

**(ચેતના)**

✻

‘પ્રસૂનો પીડાથી વ્યથિત જનના મારગ મહીં,
પ્રસારો, એ કેવી અનહદ કૃપા દિવ્ય કરુણા !’

**(કૃપા)**

✻

‘હોત કર્મ તમે ન કોઈયે કર્યું
ઐતિહાસિક નોંધપાત્ર ભલે અહીં
જન્મ પામીને નિમિત્ત જ માત્ર જો
બન્યાં હોત મને જગે જન્માવવા,
હોત તો કલ્યાણકાર્ય મહા કર્યું
યશસ્વી જીવન સફળ સઘળું થયું.’

✻

પુનઃ પ્રકટો જો કદી પૃથ્વી પરે
હો પુનઃ મારે પ્રકટવાનું વળી
જનેતા તમને પસંદ કરું ફરી
તમોને ગૌરવ ધરું માતૃત્વનું,



એ જ આકાંક્ષા પ્રકટવું ગોદમાં
હોય તો તમને જ લ્હાવ રહું ધરી.

**(આકાંક્ષા)**

✻

‘ભણ્યાં વિદ્યાલયે અલ્પ વિદ્યાલયમહીં છતાં,
ભણેલાને તમે આપ્યું માર્ગદર્શન નિર્મળ,
અનુભૂતિતણું દૈવી તમારામાં હતું બળ.’

✻

‘કટુતાક્લેશથી મુક્ત જીવ્યાં નિર્લિપ્ત જીવન;
સ્થિતપ્રજ્ઞતણાં જોયાં અમે ઉત્તમ લક્ષણ.’

**(વંદન)**

✻

‘ભગવાનને ના ભૂલશો.
ભજજો.’
‘તમે શાંતિ સાથે વિદાય લીધી
સંતોષ સાથે વિદાય
તમને નહિ, જીવનને તમારો મોહ હતો
મરણને મરણ મટી જવાનો ભય.
એ રહી ગયો.’

**(મોહ ને ભય)**

‘પેટની દીકરીયે ના સેવા આવી કરી શકે.’

✻

'તમારી શુશ્રૂષા પામી પામ્યાં સંતોષ માત એ,
તમે તપ ગણી તેને માની જપ સદા રહ્યાં.
પ્રસન્ન સ્વસ્થ ને શાંત; માનીતાં એમનાં બન્યાં,
વચનો એમણે ત્યારે એવાં સંતૃપ્તિનાં કહ્યાં.
શુભાશીર્વાદયે અર્પ્યા આલિંગી તમને વળી,
અમારાં લોચનોમાંથી અશ્રુ ત્યારે રહ્યાં સરી.'

✻

'સર્વેશ્વરી, તમે સેવા કરી જ્યોતિર્મયીતણી,
શકવર્તી ખરે એનો ઈતિહાસ ગયો બની.'

**(સર્વેશ્વરીની સેવા)**

✻

'વીતે દિવસ ને વીતે મહિના વરસો વળી
છતાંયે ચંદ્રિકાકેરી ચારુતા ના ઘટે જરી
તમારી સ્મૃતિયે એવી રીતે નિત્ય નવી રહી
વધશે કાળની સાથે કરમાશે કદી નહિ.
અજરામર એમાંથી પામીને પ્રાણ પ્રેરણા
લોહને પલટી દેશે વિના કિલ્મિષ હેમમાં.'

**(સ્મૃતિ)**

✻



'જેમના સંસ્કાર શામ્યા-વાસના
થઈ શાંત સ્વરૂપમાં સ્થિત તે બને
તમારી પેઠે તરંગ વિલીન આ
થાય જેમ પ્રશાંત સાગરના ઉરે.'

✻

'એકલો આવે મનુજ સંસારમાં
એકલો જાયે કહેવાયે છતાં
યથાર્થ નથી દીસતાં વચનો મને;
શરીર એનું એકલું આવે છતાં
કર્મસંસ્કારો-વિચારો-ભાવના
અંકુરો અંતઃકરણમાં આવતા
આપતાં સુખદુઃખ સદા વધતા જતા
વળી ઘટતા; ચાલતી ઘટમાળ આ
એમ સંસૃતિચક્રની શાશ્વત અહા.'

**(સંસૃતિચક્ર)**

✻

'જીવ્યાં તમે નિત પ્રસન્ન અલિપ્ત ન્યારાં,
દ્વંદ્વો થકી નવ ડર્યાં ન ડગ્યાં જરાયે
ચાલ્યાં ગયાં સફળ યાત્રિકશાં સવારે.
સંદેશ શાશ્વત ધર્યો નિજ શાંત માતા,
આ જિંદગી પરમમંગલ પુણ્યગાથા.'

**(યાત્રા)**

✻

‘શબ્દોમહીં મધુર મંગલ શબ્દ માતા
સૌથી વિશેષ સુખકારક શબ્દકોશે,
સૌથી પવિત્ર વધુ શાંતિભરેલ નાનો
મોટો છતાંય મહિમામય શબ્દ માનો.’

✻

‘મંત્રોમહીં પરમમંગલ મંત્ર માતા,
અર્પે સમુન્નતિ સનાતન શક્તિ જ્ઞાતા;
રૂપો અનેક ધરતા વિષ્ણુ કિન્તુ અંતે
રૂપે કૃતાર્થ બનતા રસપૂર્ણ માના.’

✻

‘નીર્મે સદા પુરુષને મધુ શ્રેષ્ઠ માતા,
વંદે પવિત્ર પદને સુર ને વિધાતા.’

(માતા)

✻

‘કથા અંતે તમે અનુભવની કથી :
જગતમાં કોઈય કોઈનું નથી,
એક ઈશ્વરના વિના.
પામતા સુખશાંતિ સંતૃપ્તિ નકી
બનાવે છે તેમને જે સારથિ.’

✻

‘કથા અંતે સ્વાનુભવ કેરી કહી :
શરણ ઈશ્વરનું જ સાર્થકતા ધરે
વાસનાથી મુક્ત માનવને કરે,
શ્રેય સાધે સફળ બનતાં જિંદગી
જે કરે રસ લ્હાણ પ્રભુની પ્રીતની.’

(અંતકાળે)

✻



‘પ્રત્યક્ષ કિન્તુ મહિમામય દેવદેવ
છે માનવી; મનુજમાં મધુમૂર્તિ માતા.’

(પ્રત્યક્ષ દેવ)

✻

‘જવાથી જેહના પામે પીડા કે શોક માનવી
રડે મૃત બને એવી જિંદગી ધન્ય જાણવી.’
તમે એમ જ જીવીને તિરોધાન ગયાં બની,
સાફલ્ય જન્મનું સાધ્યું મૃત્યુને ધન્યતા ધરી.

✻

‘સર્જે નરકમાં સ્વર્ગ જંગલે ઘોર મંગલ.
ભૂલેચૂકે બગાડે ના કોઈનું સ્વપ્નમાંય ને
સુધારે બગડેલાને પ્રાણ દે મૃતપાયને;
આશીર્વાદમાં એવા આત્માઓ વરદાનશા’

(ધન્ય જીવન)

✻

‘અલ્પ ભણતર કિન્તુ ગણતરથી વધ્યાં
સદા આગળ અનેરું ચણતર કર્યું,
વિશ્વવિદ્યાલયમહીં બ્રહ્માંડના
ભણી જીવન મહાવિદ્યાલય ગણ્યું.’

(વિદ્યાલય)

✻

‘તમે થયાં લોહ ને લોહસંગે
કરી દીધાં કંચન કૈંક લોહનાં
રહી સદા પારસ, દિવ્ય હેમ.’

✻

‘વિરોધ આઘાતમહીંય સેવ્યું
સુખેદુઃખે વ્યાધિ છતાંય સ્થૈર્ય,
પ્રલોભનોથી ન ડગ્યાં જરાયે
અખંડ ધારી અણમોલ ધૈર્ય
ધપ્યાં અનાસક્ત રહી અસંગ
વિદાય લીધી કટુતા વિના ને.’
‘ના ગંગ કે ના જગદંબ માનું
દેવીય ના દિવ્ય ભલે પ્રમાણું
માનું તમોને જનની જ માનવી
માનાર્હ લાગે મુજને અનોખી.’

**(માનાર્હ)**

✻

‘વ્યક્તિત્વ અદ્‌ભુત તમારું ખરે નિરાળું,
માતૃત્વ સુંદર ઉદાત્ત અતીવ ન્યારું.’

✻

‘માતા બની શિશુતણી જગમાં અનેક,
માતા થઈ જગતની પણ કોક એક.’

**(જગન્માતા)**

✻



‘નામ જ્યોતિર્મયી ન્યારું તમારું રળિયામણું
રસાન્વિત સદા માટે ગૂઢ સંદર્ભથી ભર્યું.’
‘જ્યોતિર્મયી, તમે જ્યોતિ હતાં સંસારની મહા,
વિલીન દિવ્ય છો આજે પરાજ્યોતિમહીં થયાં
શક્તિશાળી વધારે ને વધારે તે છતાં બન્યાં;
જ્યોતિને પ્રકટાવી દો જ્યાં હો ત્યાંથી પુનઃ પરા’

**(જ્યોતિર્મયીને)**

✻

‘યોગી થકી અધિક શક્તિ તમે બતાવી
ઝાંખી નિજાત્મબળની અદકી કરાવી;
કટુ તેમ મીઠા સંજોગમાં પણ અલિપ્ત રહી સદાયે,
સૌમાં રહી નિત રહ્યાં પરમાત્મ સાથે.’

**(યોગીથી અધિક)**

✻

‘જીવન સાદું, શુદ્ધ વિચારો, વિશદ તમારી વાણી,
નિર્ભયતા સ્વાશ્રય અપરિગ્રહ સહજ સરળતા ભારી;
પ્રેમ ટેક નિઃસ્વાર્થ તમારી ઉપકારકતા ન્યારી,
પીવાનું મૂકીને પાતાં અન્યજનોને પાણી.
છાયા ધરતાં તાપ સહીને, અશ્રુ લૂછતાં રોઈ,
ઘા રૂઝવતાં જખમી દિલના સુખ પોતાનું ખોઈ;
શાંત સ્વમાની પવિત્ર પ્રભુમય જીવનને જીવનારાં

જ્યાં પણ વિચર્યાં વસ્યાં ત્યાં બન્યાં સર્વજનોનાં પ્યારાં.
બગાડ્યું નહિ કોઈનુંયે બગાડવા ના માગ્યું,
સદા સુધાર્યું અન્ય જનોનું બગડ્યું નિજ છો લાગ્યું.'
નાનાં ગામે જન્મ ધરીને જગનાં થયાં તમે
એવી માતાને મળવાનું પામ્યાં ભાગ્ય અમે.

**(ભાગ્ય)**

✻

'જ્યોતિર્મયી તમારી એ જિંદગી જ્યોતિથી ભરી
જગવે જ્યોતિને નિત્ય સંજીવનમયી નવી;
તમિસ્રથરને ટાળે ઉજાળે અંતરાત્મને,
ચિરકાળ સુધી એની પ્રભા લેશ નહિ શમે.'

✻

'અનોખો આવ્યો આ અવસર ભલેને મરણનો,
તમે જે જીવ્યાં તે વિષય નવ છે વિસ્મરણનો.'

**(સ્મરણ)**

✻

'સૌનું પ્રયાણ ચોક્કસ પણ એ પ્રયાણ કેવી
રીતે કરાય છે એ ઇતિહાસપળ અનેરી'
'સૌને જવાનું નિશ્ચિત પણ એકના ગમનથી
ગમગીન થાય અંતર વેદન અખૂટ વેઠે
લોચન કવે હૃદયને સ્મૃતિ એહને વલોવે
પીડા અસહ્ય પામે આતમ અશાંત પેઠે.'

**(સૌને જવાનું નિશ્ચિત)**

✻



'જલી કાયા છતાંયે તમારો આવેલ અંત નહીં.
તમે ચાલ્યાં ગયાં એ વાત આવે માનવામાં ના,
સતત સંનિધિ તમારી દિવ્ય દૃષ્ટિ વાણ મધઝરતી
અમર છે રહેશે સંવેદનતણી સ્નેહની ધારા,
નથી સ્વપ્નેય ભંગાતા વણસતા મમતના માળા.'

**(સતત સંનિધિ)**

✻

'તમે છોડી સર્વે વિષય જગના જંગલ રહ્યાં;
યુવાનીમાં છોડી ગૃહસ્વજનસંપત્તિ સુખદા.
તજી પર્યંકોને પ્રતિદિવસ પૃથ્વી પર સૂતાં,
સહ્યાં કષ્ટો સ્નેહે હિમગિરિતણા તીર્થસ્થળમાં,
ઘણા સર્પોરીંછો પશુ વિવિધ ને વ્યાઘ્રવચમાં
વિપત્તિને વેઠી; મન વશ કરી ઈન્દ્રિયતણા
તમે નાથ્યા અશ્વો અનવરત ડૂબ્યાં રસમહીં,
મને દીસે બીજું પુનિત ખલુ દૃષ્ટાંત જ નહિ.'

**(તમારો ત્યાગ)**

✻

'મને થયું કે એક તમારું મંદિર રમ્ય રચાવું,
એના કરતાં જીવનમંદિર મારું દિવ્ય બનાવું.'

**(જીવનમંદિર)**

✻

'કેટકેટલી હતી તમોને પરહિતખાતર ઇચ્છા,
શ્વાસ તમે લીધા એનાથી પ્રેરાઈ પૃથ્વીમાં છેવટ સુધી'

✻

'અશાંત બદ્ધને મુક્ત શાંત કે કરવા
તત્પર બન્યાં સદાય સોમલે સ્વાદુ સુધારસ ભરવા
પ્રકાશ પામે તિમિરાચ્છાદિત પ્રાણ જડત્વ ભરેલા
સ્વપ્ન તમે સેવ્યાં એનાથી પ્રેરાઈ વિશ્વે આ છેવટ સુધી.'

**(વિજ્ઞપ્તિ)**

✻

'સ્મૃતિ તમારી ચિરંજીવ રહી બની,
વેદનાની વાત અંતરમાં વણી
અમે કર્તવ્યો કર્યાં કરતાં રહ્યાં
કિન્તુ પળ પણ ના તમોને વિસ્મર્યાં.'

✻

'મૃત્યુની ઘટના અવનવી વિશ્વમાં
પાડતી પડદો પ્રબળતમ કાળનો,
જનારું પાછું ફરે ના રૂપ એ,
રંગ ના દેખાય પાછો જીવને.'

✻

'આ અનિત્ય જગતમહીં તારક ખરે,
એક સ્થળમાં રહી ના શકતી હવા.'

**(અનિત્યતા)**

✻



'જવાનું ચોક્કસ આ જગથી
જન્મમરણની મહાનિસરણી, આ તો લઘુ પગથી
સ્વર્ણસમય આ શ્રેષ્ઠ સાંપડ્યો, સુંદર સાધનથી
શાંતિસહિત જો જઈ શકાયે શોક ન રહે પછી
જવાનું ચોક્કસ આ જગથી.'

**(જવાનું ચોક્કસ)**

'પ્રવાસી જાણે પ્રસંગ પ્રયાણનો
મહાયોગીઓ વિશે એવું સુણ્યું.
તમે એ યોગીજનોની સાધના
કરી સાર્થક અમે એ નીરખ્યું બધું.
મૃત્યુને જાણી અને મારી ગયાં
ઘોર કલિમાં સત્યયુગમાંહી વસ્યાં.'

**(યાત્રાની માહિતી)**

✻

'મહાપ્રયાણ કિન્તુ આ તમારું યાદ આવતું,
અહર્નિશ ઉરે મારા અનોખી ઊર્મિ લાવતું,
સંવેદનસ્વરો પ્રાણે પ્રેમપૂર્ણ જગાવતું;
ભર્યું ભર્યું બધું જાણે ખાલી કે શૂન્ય લાગતું.'

✻

'લાગણી આટલી જાગે મારા નિર્લિપ્ત પ્રાણમાં
લિપ્ત પ્રાણતણી ત્યારે હશે કેવી થતી દશા ?'

**(લાગણી)**

✻

'બતાવ્યું એણે કે જનમમરણે નિશ્ચળ થવું,
કરી કર્તવ્યોને સતત બનતાં નિર્મમ જવું,
મહાયાત્રાના આ સુખજનક વિશ્રામસ્થળને
પરાયું જાણીને પરમપદને નિત્ય વરવું.'

**(નકામો)**

✻

'વીચિમાળા થઈ શાંત અર્ણવમહીં
ભિન્ન ભાસી છતાંયે અભિન્ન,
સ્વલ્પ ક્રીડા કરી હર્ષ ઉત્તમ ધરી
શાંતિ પામી બનીને વિલીન.'

✻

'જ્યોતમાંથી થઈ જ્યોત જ્યોતે મળી
માત જ્યોતિર્મયી એ તમારી;
અન્ય દુનિયા થકી પધારી પાછાં ફર્યાં,
ત્યાં જ દુનિયા તજીને અમારી.'

✻

'વીચિશાં સિંધુમાં અગ્નિઅંગારશા
રશ્મિશાં સૂર્યકિરાં પ્રતાપી,
પદ્મ ખીલ્યું હસી પાંખડી બે ઘડી
ને થયું બંધ સંધ્યા નિહાળી.'

✻

'એક જીવન થકી અન્ય જીવનમહીં
પૂર્ણ પ્રજ્ઞા સજીને પ્રવેશ્યાં.
ચેતના ચેતના જિંદગી જિંદગી
સિંધુમાં મારતાં ત્યાં હલેસાં.'

**(અમર જીવન)**

✻



'જિંદગી મળી તને જિંદગી મળી
હીરામાણેક ને મોતીથી મોંઘી
અમુલખ કહેવાય એવી જિંદગી મળી
વીરડી મળી તને વીરડી મળી
રણમાં રસાળ મહાવીરડી મળી.'

**(જિંદગી મળી)**

✻

'પ્રેમ શું ન કરે, જીતે મનને અંતરાત્મને,
અશક્ય એહને માટે કોઈયે કાર્ય ના ખરે.'

✻

'તમારામાં અમે પેખી પરમાત્મતણી પ્રભા
સાંભળી એમની વાણી માણ્યું માધુર્ય સ્પર્શમાં'
સંબોધનો કર્યાં કેવાં તમે સ્નેહથકી છલ્યાં
મમત્વથી ભરાઈને મધુથી મધુરાં નવાં,
ડાહ્યલી સુરભિ રાધી સરૂડી ટકુડી વળી
ડાહી લટકુડી સૂતાં પર્યંકે છેવટે તમે
પ્રભાવિત થઈ દૈવી સ્નેહે સર્વેશ્વરીતણા
સંબોધનો કર્યાં એને દ્રવી સેવા નિહાળતાં.

**(સંબોધન)**

✻

'માતા તમે વિરલ છેક હતાં અનોખાં
સાથે રહી તપ કર્યું વિપદા સહીને
અર્પ્યો અમૂલ્ય સહયોગ સુપુત્રને ને
એની સમસ્ત સમજમાં શુચિ સાધનાને.'

✻

'માતા છતાં સુહૃદ શ્રેષ્ઠ બન્યાં તમે તો
શિષ્યા સહાયક સખા પરિચારિકા વા.'

**(વિરલ માતા)**

✻

'તમે બંધનમુક્ત બન્યાં છો તો ધ્યાન અધિકતર આપો
સંતપ્ત હૃદયને ઠારો ને ક્લેશ જગતના કાપો.
સવિશેષ શક્તિથી રક્ષો નિર્બળ પથ ભ્રાંત જનોને.
કરુણાથી તારો મરતાં જડતામાં મગ્ન મનોને
તમે કેવળ મુક્ત બન્યાં તો સંભાળ અધિકતર રાખો,
અંધારા અવનીકેરાં મૃતપ્રાય સૌ કરી નાખો.'

**(બંધન મુક્તિ)**

✻

'દીપક પ્રશાંતિ પામ્યો રેલી પ્રકાશરેખા,
રેખા નથી નિરર્થક એણે બધે પ્રસારી,



એનું પ્રકાશવાનું ક્યારેય ના નિરર્થક,
સાર્થક પ્રકાશ એનો હો અલ્પ તોય સાર્થક.'

✻

'આવાગમન ધરિત્રી પર મેઘબિંદુકેરુ
કોદી નથી નિરર્થક; સાર્થક સદાય સાર્થક.'

**(સાર્થક)**

✻

'તમે જગનાં ઝેરને જોયાં, સહ્યાં
સંકટો, પ્રતિકૂળતામાંથી વધ્યાં
પ્રતિપદે આગળ સજીને સ્થૈર્યને
અનોખી હિંમત સદાયે પ્રાણને
ચેતના ધરતાં કરી કર્તવ્યને.'

✻

'શ્રદ્ધા તમારી ઈશમાં
દીનહીન અનાથની કરુણા વળી
મળી તનને વારસામાંહી, વધી
તમે જીવ્યાં અન્યકાજ જિંદગી.'

**(અન્ય કાજે જિંદગી)**

**—સંકલન**

# ॥ માતાપિતાનું ઋણ ॥

શાસ્ત્રો કહે છે : 'જન્મથી જ મનુષ્ય પિતૃઓનો દેવાદાર હોય છે. આ પિતૃઓના ઋણમાંથી મુક્ત થવા સંતાનોએ પિંડદાન, તર્પણ, શ્રાદ્ધ આદિ કરવાં જોઈએ. જેથી પિતૃઓનું સ્મરણ રહે તેમજ પોતાના પર થયેલા ઉપકારો પણ યાદ રહે.'

મૃત પિતૃઓ માટે શ્રાદ્ધ-તર્પણ કરવાથી જીવંત માતાપિતા તથા અન્ય વડીલોની સેવા કરવાનો ભાવ જાગે છે. તેમની સેવાઓનું મૂલ્ય સમજાય છે. તેમની પ્રત્યે આદર જાગે છે.

સ્વયં ભગવાન પણ માતાપિતાનો આદર કરે છે. એ સૂચવતી કથાઓ પુરાણમાં જોવા મળે છે.

(૧) **શ્રીરામ** કૌશલ્યા માતાને પ્રણામ કરી કહે છે : 'મા, બહુ દિવસો સુધી મેં તમારાં ચરણોની સેવા કરી નથી. તમે મારા અપરાધને ક્ષમા કરજો. જે પુત્રો પોતાનાં માતાપિતાની સેવા માટે ઉત્સુક નથી, તેમને તો હે માતા, રજવીર્યથી ઉત્પન્ન થયેલા મોટા કીડા જ સમજવા જોઈએ.માતા હું શું કરું ? પિતાજીની આજ્ઞાથી હું દંડકારણ્યમાં ગયો હતો. ત્યાં પણ તમારી કૃપાથી હું દુઃખસાગરને તરી ગયો. ત્યાંથી રાવણ સીતાનું હરણ કરી તેને લંકા લઈ ગયો. પરંતુ તમારી કૃપાથી રાક્ષસરાજ રાવણને હણી હું સીતાને લઈ આવ્યો છું.'

(૨) **શ્રીકૃષ્ણ**-બળરામ સાથે વસુદેવ-દેવકીને વિનયથી પ્રણામ કરી કહે છે : 'માતાજી-પિતાજી, અમે આપના પુત્રો છીએ. અને આપ અમારે માટે હંમેશાં ઉત્કંઠિત રહો છો. છતાં



દુર્દૈવવશાત્ અમને આપની પાસે રહેવાનું સૌભાગ્ય જ નથી મળ્યું. પિતા અને માતા જ આ શરીરને જન્મ આપે છે, એનું લાલન-પાલનકરે છે. ત્યારે આ શરીર ધર્મ, અર્થ, કામ, મોક્ષની પ્રાપ્તિનું સાધન બને છે. જો કોઈ મનુષ્ય સો વર્ષ સુધી જીવતો રહીને માતાપિતાની સેવા કરતો રહે તો પણ તે તેમના ઉપકારના ઋણમાંથી મુક્ત થઈ શકતો નથી.

સામર્થ્ય હોવા છતાં પણ જે પુત્ર માતાપિતાની તન-મન-ધનથી સેવા નથી કરતો તે પુત્ર મરે ત્યારે યમદૂતો તેને પોતાના શરીરનું માંસ ખવડાવે છે.

પિતાજી ! અમારા આટલા દિવસો વ્યર્થ જ વીતી ગયા. કારણ કે કંસના ભયથી ઉદ્વિગ્નચિત્ત રહેવાથી અમે આપની સેવા કરવામાં અસમર્થ રહ્યા. હે માતાજી ! હે પિતાજી ! આપ બંને અમને ક્ષમા કરો.'

(૩) **શિવ** : મહાભારતના અનુશાસન પર્વમાં શિવ દેવી ઉમાને કહે છે; 'ગુરુજનોમાં આચાર્ય, પિતા અને માતા આ ત્રણ અધિક ગૌરવશાળી છે. ત્રણે લોકમાં તેમની પૂજા થાય છે. આથી આ ત્રણેનો વિશેષ આદર થવો જોઈએ.'

'પોતાનું હિત ઈચ્છનાર મનુષ્યે માતા, પિતા અને આચાર્ય આ ત્રણેની આરાધના કરવી જોઈએ. કોઈપણ રીતે એમનું અપમાન ન કરવું જોઈએ. આનાથી પિતૃઓ પ્રસન્ન થાય છે. જેનાથી પ્રજાપતિ પ્રસન્ન થાય છે.'

તીર્થયાત્રા, ભગવદ્‌ભજનની જેમ માતાપિતાની સેવા પણ ઈશ્વરને પ્રસન્ન કરવા માટેનું ઉત્તમ સાધન છે.

''માતાપિતા પદ સો સબ તીરથ
માતાપિતા નવ ભાતિ નિધિ હૈ
માતાપિતા ગુરુ માતાપિતા સુર
માતાપિતા સબ દાનવિધિ હૈ
માતાપિતા પદ કલ્પતરુ અરુ
માતાપિતા પદરેનુરિધિ હૈ
સાધનસિદ્ધિ ન શોધત હો કછુ
મેરે તો માતાપિતા સુસિદ્ધિ હૈ''
એટલે જ કહેવાયું છે :
''જિન માતાપિતા કી સેવા કી
તીરથસ્નાન કિયો ન કિયો.''

વિનોબા ભાવેએ આક્રોશથી કહ્યું છે : 'તું જાણે-અજાણે જો મા-બાપને દુભવીશ તો તેમની ઈચ્છા નહિ હોય તો પણ તેમના હૈયામાંથી તારે માટે શાપ નીકળશે. જેથી કાં તો તું લક્ષ્મીહીન થઈશ કે સંતાનહીન થઈશ. મા-બાપથી વધારે જાણું છું એવું માની તું એમનું અપમાન ન કરીશ. તેમના હૈયાનું એક આંસુ તારી બધી સંપત્તિ બાળી મૂકવા સમર્થ છે. જે ભણતરથી ધન પેદા થાય તે ભણતર તું ભલે વધારે ભણ્યો હોય. જે બુદ્ધિમાં સાચાનું જૂઠું ને જૂઠાનું સાચું સાબિત કરી શકાય તે બુદ્ધિ ભલે તારામાં વિશેષ હોય પણ તારાં માતાપિતા ઉપર સરસાઈ મેળવવા આવી બુદ્ધિ અને આવું ભણતર નકામું છે.'

ટૂંકમાં, 'સર્વ પ્રકારના હેતુઓ સિદ્ધ કરે એવો દેહ જેમના લીધે જન્મ્યો, પોષણ પામ્યો એ 'માતાપિતાનું ઋણ' કોઈ પણ મનુષ્ય કદી પણ પરિપૂર્ણ કરી શકે નહિ.'

—સંકલન



# ॥ વિશ્વભરમાં માતૃપ્રેમનો મહિમા ॥

હેલન કેલર 'માતા' વિશે કહે છે : ''મા'ના વિષયમાં હું શું કેવી રીતે લખું કે બોલું ? એ મારી એટલી નિકટ છે કે એના વિશે કંઈ પણ બોલવું વિકટ છે.'

જ્યોર્જ વૉશિંગ્ટનની માતા યુદ્ધ દરમિયાન એવું કહ્યા કરે છે : 'મારો જ્યોર્જ ઘરે પાછો આવે અને બાગબગીચા સંભાળે તોય ઘણું.'

સ્ટેલિનની માતાની ઝંખના હતી કે,'સ્ટેલિન પાદરી થાય તો સારું.'

હિટલર પોતાના ખાનગી ખંડમાં માત્ર બે જ છબીઓ રાખતો. એક પોતાના મરી ગયેલા શૉફરની અને એક પોતાની માતાની. જ્યારે હિટલરની માતા મૃત્યુ પામ્યાં ત્યારે ફેમીલી ડૉક્ટરે કહેલું; 'મેં કોઈ જુવાન માણસને આટલું ધોધમાર રડતો જોયો નથી.'

અબ્રાહમ લિંકને એકરાર કર્યો છે કે, 'હું જે કંઈ છું, જે કંઈ થવા માગું છું. એનો બધો જ જશ દેવદૂત જેવી મારી માને ફાળે જાય છે. મને યાદ છે મારી માની તમામ પ્રાર્થનાઓ. એ પ્રાર્થનાઓ સતત મારી સાથે જ રહે છે. મારી જિંદગી સાથે જડાયેલી છે.'

વિકટર હ્યુગો કહે છે : 'માતાના હાથ એટલી બધી નજાકતથી હર્યાભર્યા હોય છે કે બાળક એમાં ગાઢ નિદ્રા માણી શકે.'

હેન્રી બિયર કહે છે : 'માતાના સર્જન પાછળ ઈશ્વરની કલ્પના કંઈક આવી હશે. ચિક્કાર આંતરિક સમૃદ્ધિ, ઊંડાણથી ભરીભરી, અત્યંત દિવ્ય, આત્મશક્તિ-સૌન્દર્યથી સભર સભર.'

ખલીલ જિબ્રાન કહેતા : 'મારી માતા અખૂટ કવિતા જીવ્યાં છે,

ભલે એમણે એકે પંક્તિ લખી ન હોય.' માતાના હૃદયના મૂક ગીતને વાચા આપવા જ દીકરાએ કવિતા લખી ન હોય ! એના શાણપણના અઢળક વારસાનો વૈભવ જ જાણે એમની કલમમાંથી પ્રગટ થયો. બીજી રીતે કહીએ તો જિબ્રાન સ્વયં જ એમની 'માતાનું મહાકાવ્ય' બની રહ્યા.

જિબ્રાને પોતાની માતાને નિમિત્ત બનાવી. જગતની તમામ માતાઓને અંજલિ આપી છે : 'પૃથ્વી એ વૃક્ષો અને ફૂલોની માતા છે. એ જન્મ આપે છે અને જતન કરે છે. વૃક્ષો અને ફૂલો ફળ અને બીજની માતા છે. માતૃત્વ એ પ્રકૃતિની નિયતિ છે. સૌન્દર્ય અને પ્રેમથી છલકતો એનો આત્મા સનાતન છે.'

જિબ્રાન વિશે એમની માતાએ કહેલું : 'મારો દીકરો માનસશાસ્ત્રની સરહદો અતિક્રમી ગયો છે.' એમનો આ ઉદ્ગાર જ્ઞાનનો નહિ, કોઠાસૂઝનો હતો.

આ જ 'મા'એ પ્રારંભમાં અરેબિક ભાષામાં લખાયેલી 'The Prophet' દીકરા પાસે સાંભળી ત્યારે તેમણે નિઃસંકોચ તટસ્થભાવે કહ્યું; 'હમણાં રહેવા દે. પરિપક્વ થવા દે.'

પુત્રના કલ્યાણની ઝંખના જ માતાના જીવનસંગીતની એકમાત્ર શ્રુતિ હોય છે. તેથી જ શ્રી શંકરાચાર્ય 'દેવીઅપરાધક્ષમાપનસ્તોત્ર'માં કહે છે :

તથાપિ ત્વં સ્નેહં મયિ નિરુપમં યત્પ્રકુરુષે ।
કુપુત્રો જ્ઞાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥

(હે માતા, મારે તારા પ્રત્યે જે કરવું જોઈએ તે મેં કર્યું નથી. છતાં તું જે મને નિરુપમ સ્નેહ કર્યા કરે છે, (એ બતાવે છે કે) પુત્ર કુપુત્ર થાય તો પણ માતા ક્યારેય કુમાતા બનતી નથી.)

**—સંકલન**



## ॥ ગુજરાતી સાહિત્યમાં માતૃપ્રેમનો મહિમા ॥

'બાળકને જોઈ જે રીઝે,
રીઝે બાળક જોઈ જેને
વત્સલ મૂરત, સ્નેહલ સૂરત,
હૃદય હૃદયનાં વંદન તેને.'

**—ઉમાશંકર જોશી**

✽

કલ્પવૃક્ષની લેખણ લઈને
લખતી સરસ્વતીને
કહેજો કે
ઈશ્વરના ગુણો ખૂટી જાય તો
એમાં ઉમેરી લે
'મા'ના ગુણો.

**—હર્ષદેવ માધવ**

✽

હતો હું સૂતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનો ?
મને દુઃખી દેખ દુઃખી કોણ થાતું ?
મહા હેતવાળી દયાળી જ 'મા' તું

સૂકામાં સુવાડે ભીને પોઢે પોતે
પીડા પામું પંડે તજે સ્વાદ તો તે
મને સુખ માટે કટુ કોણ ખાતું ?
મહા હેતવાળી દયાળી જ 'મા' તું
પડું કે ખડું તો ખમા આણી વાણી
પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી.

**–શ્રી દલપતરામ**

✻

આરાધનામાં સ્મરું રૂપ બાનું
ને બા સ્મરીને પ્રભુરૂપ પામું

**–કૃષ્ણલાલ શ્રીધરાણી**

✻

માતૃત્વ માટેના પ્રેમાદર પર તો
પૂર્ણવિરામ મૂકવાનું શક્ય જ નથી.

**–દીપક મહેતા**

✻

માતા અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. માતા કદી મરતી નથી અને બાળક કદી મોટો થતો નથી.

**–બરકત વીરાણી 'બેફામ'**

✻

પ્રથમ શિશુ સૌ કહાનો, માતા બધી જ યશોમતી
મૃદુમલિન મોંમાં બ્રહ્માંડ અનંત વિલોકતી

**–ઉશનસ્**



એ ધારત તો કંઈ પણ બની શકયાં હોત,
પણ એ થઈને રહ્યાં મારી 'મા'.

**–પ્રીતિ સેનગુપ્તા**

✻

હાડ હાડમાં હેત ભર્યું જેને
વેણ વેણ વરદાન
દેખ, ઘરેઘર એ જ બિરાજે
ભૂતળમાં ભગવાન

**–મકરન્દ દવે**

✻

## ॥ બા તું જ છો જ્યોતિધામ ॥

મેં ગ્રંથોમાં જીવનપથનાં સૂચનો ખોળી જોયાં
ને તીર્થોનાં મલિન જળમાં હાડકાં બોળી જોયાં
અંધારામાં દ્યુતિકિરણ એકાર્ધયે પામવાને
મંદિરોનાં પથ્થર પૂતળાં ખૂબ ઢંઢોળી જોયાં.
સંતો કેરા કરગરી કરી પાદ પ્રક્ષાલી જોયા
એકાંતોના મશહૂર ધનાગાર ઉઘાડી જોયા.
ઊંડા ઊંડે નિજ મહીં સર્યો તેજકણ કામવાને
વિશ્વે વંદ્યા અન્ય સકલ ભંડાર મેં ખોલી જોયા

ને આ સર્વે ગડમથલ નિહાળતાં નેણ તારાં
વર્ષાવતાં મુજ ઉપર વાત્સલ્ય પીયૂષધારા
તેમાં ન્હોતો રજ પણ મને ખેંચવાનો પ્રયાસ
ન્હોતો તેમાં અવગણનાના દુઃખનો લેશ ભાસ
જ્યોતિ લાધે શિશુને ફક્ત એટલી ઉરકામ
મોડી મોડી ખબર પડી બા તું જ છો જ્યોતિધામ.

**—કરસનદાસ માણેક**

✽

આભના વર્ણથી આંજી વિશાળી તુજ આંખડી
આભના ભેદમાં જોતી દૃષ્ટિ તે તાહરી વડી
હેતવાત્સલ્યનાં વ્હેણે હૈયાનું પૂર ગાજતું :
ધર્મમૂર્તિ પિતા મ્હારા, ભક્તિની મૂર્તિ માત ! તું
નથી એ વીસર્યો ત્હારી ટૂંકી જીવનની કલા
વીસારી વીસરે કેમ માતૃવાત્સલ્યની લીલા
ગુર્જરી વાડીમાં એક નદી રેવા અનુત્તમ
ગુર્જરી વાડીમાં તેમ માત રેવા અનુત્તમ
ઓ અભિજાત આર્યાઓ ! ઓ આર્યો સહુ ભોમના
સુણો આ વેદની ગાથા, મંત્ર આ પુરજોમના
પિતૃદેવો ભવ, પ્રાજ્ઞ ! માતૃદેવો ભવ પ્રિય
સર્વે કુલાશ્રમો નિત્યે હજો એ ભાવનામય

**—ન્હાનાલાલ**

✽



જ્યમ આથમતા રવિનું તેજ, 'મા' વિના ત્યમ બાપનું હેત,
સુરભિ મરતે જેવું વચ્છ, જળ વિના જેમ તલફે મચ્છ.
ટોળાં વછોઈ જ્યમ મૃગલી, 'મા' વિના પુત્રી એકલી.
લવણ વિના જ્યમ ફીકું અન્ન, ભાવ વિના જેવું ભોજન.
કીકી વિના જેવું લોચન, માતા વિના તેવું બાપનું મન.

**—પ્રેમાનંદ**

✽

તમારા નિઃશ્વાસોનું સુગંધમાં રૂપાંતર કરતી 'મા'
જાદુગરિણી છે
તે તમારામાં ઉગાડે છે વિસ્મયની સવાર.
સત્યનું રૂપાંતર સુંદરમાં કરી આપે છે તાબડતોબ
એટલે કે 'મા' સ્વયંનું રૂપાંતર કરે છે
સત્યમાંથી સુંદરમાં
'મા' હંમેશાં સુંદર હોય છે.

**—રમેશ પારેખ**

✽

## ॥ જનની ॥

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી મોરી માત રે,
જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.
પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે. જનનીની...

અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે. જનનીની...
હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે. જનનીની...
દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,
શશીએ સિંચેલ એની સોડ્ય રે. જનનીની...
જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે. જનનીની...
ચિતડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે. જનનીની...
મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતાં ખૂટે ન એની લ્હાણ રે. જનનીની...
ધરણીમાતાયે હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે. જનનીની...
ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે. જનનીની...
વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે. જનનીની...
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે.
જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.

—બોટાદકર

—સંકલન



## ॥ કવિવર ટાગોરની અદ્‌ભુત રચના ॥

### ॥ જન્મકથા ॥

દીકરો માને ટહુકે બોલાવી પૂછે
ઓ માડી ! હું ક્યાંથી આવ્યો ?
કહેને, તને હું ક્યાંથી જડ્યો ?
એ સુણી માડી હસતી ને રડતી
બેટડાને હૈડા સરસો ચાંપીને બોલી,
'દીકરા ! તું તો મારા અંતરમાં
સદાકાળ એષણારૂપે વસતો' તો.
ઢીંગલે પોતિયે રમતી તે વેળની
મારી હર રમતે સદાય તું હોય જ
મહાદેવજીનું પૂજન કરતાં નિત પ્રભાતે
કંઈ કેટલીય વાર તારી મૂરત ઘડી'તી
ને ઘડેલી ભાંગીને ફેરફેર ઘડતી રહી'તી.
તું જ તો મારા લાલજી સ્વરૂપે
પૂજાના પાટ સિંહાસને બિરાજતો
પ્રભુની પૂજાને મિષે હું નિત તારી જ પૂજા કરતી
ચિરકાળનાં મારાં આશા-અરમાનોમાં
ને મારા સમૂચા પ્રેમમાં
તું જ તો પ્રાણરૂપે સમાયેલો હતો.

મારી માને દાદીમાના પ્રાણપ્રવાહે
વહેતો વહેતો તું.
અમારા પુરાણા ઘરની રજરજમાં
ધૂળના કણેકણમાં ઓતપ્રોત હતો
અમારી કુળદેવીની ગોદમાં તો
તું કંઈ કેટલાય કાળથી ગોપન રહ્યો હોઈશ.
તરુણ વયે હૈયું મારું
ફૂલની પેઠે ખીલી ઊઠ્યું
ત્યારે એમાં સૌરભરૂપે
તુજને જ વિલસતો જોયો મેં
તારી સલુણી કુમાશ સીંચી
મારા અંગેઅંગમાં તરુણાઈની ફોરમે
તને તદાકાર મેં ભાળ્યો :
તું જ તો સઘળા દેવીદેવતાઓએ બક્ષેલ
સ્નેહનું ધન છો મારું
તું તો નિત્ય પુરાતન, ચિરનવીન !

**—શ્રી રવીન્દ્રનાથ ટાગોર**

**(ભાવાનુવાદ : સુભદ્રાગાંધી)**



# ॥ સંત બાયજીદની માતૃસેવા ॥

"પ્રભુ, મારા દુઃખી પુત્ર પર સુખશાંતિની વર્ષા કરજે. સંતો એના પર પ્રસન્ન રહે તથા એનું જીવન પવિત્ર ને પ્રભુના પ્રેમમાં મગ્ન રહે." ઘરના ઉંબરે ઊભા રહીને સંત બાયજીદે પોતાને માટે પોતાની માતાએ કરેલી પ્રાર્થના સાંભળી. વર્ષો સુધી ઘરથી બહાર રહીને તેમણે કઠોરતમ સાધના કરી હતી. અને સાધનાથી લાભાન્વિત થઈને માતાનાં દર્શન કરવા માટે ઘણા દિવસો પછી એ પોતાના બારણે પહોંચી શક્યા હતા.

'મા, તારો દુઃખી પુત્ર આવી ગયો છે.' બાયજીદનું હૃદય માતૃસ્નેહથી ભરાઈ આવ્યું હતું. વિહ્વળ થઈને એમણે 'મા'ને બારણાની બહારથી જ બૂમ પાડતાં કહ્યું.

પુત્રનો અવાજ ઓળખીને માતાએ તરત દરવાજો ખોલ્યો. અને પુત્રને જોતાં જ તેને હૃદયસરસો ચાંપી દીધો. વૃદ્ધા માતાની આંખોમાંથી આંસુની નદી વહી રહી હતી. પુત્રના માથે હાથ ફેરવતાં 'મા'એ કહ્યું : 'બેટા, બહુ દિવસો પછી તેં મારી ખબર લીધી. તારી યાદમાં રડતાં રડતાં હું તો હવે મોતને દરવાજે આવી પહોંચી છું.'

'મા', રડતા તપસ્વી સંતે કહ્યું; 'હું બહુ જ મૂર્ખ છું. જે કાર્યને ગૌણ સમજીને હું અહીંથી ચાલ્યો ગયો હતો, તેનું મહત્ત્વ મને સમજાયું છે. કઠોર તપ કરીને મેં જે ફળ પ્રાપ્ત કર્યું છે, એ જો હું તારી સેવા કરતો હોત તો મને ક્યારનુંય સરળતાથી મળી ગયું હોત. આ પ્રસંગ પછી સંત માતાની સેવામાં જ રહ્યા.'

**—સંકલન**

## ।। ચિરકારીની દૃષ્ટિએ માતૃમહિમા ।।

મહાભારતમાં મહર્ષિ ગૌતમના એક મહાજ્ઞાની પુત્ર ચિરકારી (એ કોઈપણ કાર્ય વિલંબથી કરતો તેથી તેનું નામ ચિરકારી પડ્યું હતું) સંતાનના જીવનમાં માતાનું સ્થાન બતાવતાં કહે છે :

'અગ્નિ પ્રગટ થવામાં મુખ્ય આધાર અરણિ-કાષ્ઠ છે, તેવી રીતે મને આ જે પંચમહાભૂતનું શરીર મળ્યું છે તેના ઉત્પન્ન થવામાં મારી માતા જ મુખ્ય હેતુ છે. માતા મનુષ્યોના શરીરરૂપી અગ્નિને પ્રગટ કરનારી અરણિ છે. સંસારનાં બધાં જ આર્ત પ્રાણીઓને સુખ અને સાન્ત્વના પેદા કરનારી માતા છે. જ્યાં સુધી માતા જીવિત રહે છે ત્યાં સુધી મનુષ્ય પોતાને સનાથ માને છે અને માતા ન હોય ત્યારે તે પોતાને અનાથ માને છે. માતા હોય ત્યાં સુધી મનુષ્યને ક્યારેય કશી ચિંતા થતી નથી. ઘડપણ એને પોતાની તરફ ખેંચતું નથી.'મા' કહીને પોતાની 'મા'ને બોલાવતો જે પોતાના ઘરમાં પ્રવેશે છે તે નિર્ધન હોવા છતાં પણ જાણે માતા અન્નપૂર્ણાની પાસે જાય છે. પુત્રપૌત્રોથી સંપન્ન હોવા છતાં પણ જે પોતાની માતાના આશ્રયમાં રહે છે તે સો વર્ષની ઉંમર પછી પણ પોતાની માતા પાસે બે વર્ષના બાળક જેવું આચરણ કરે છે.'

પુત્ર અસમર્થ હોય કે સમર્થ, દુર્બળ હોય કે હૃષ્ટપુષ્ટ માતા તેનું પાલન કરે છે. માતા સિવાય બીજું કોઈ વિધિપૂર્વક પુત્રનું પાલનપોષણ કરી શકતું નથી. માતાથી જ્યારે વિયોગ થાય છે ત્યારે તે જ સમયથી મનુષ્ય પોતાને ઘરડો માનવા લાગે છે. દુઃખી થઈ જાય છે અને સમગ્ર સંસાર તેને સૂનો લાગવા માંડે છે.માતાની છત્રછાયામાં જે સુખ છે તે બીજે ક્યાંય નથી. માતા સમાન બીજો કોઈ સહારો નથી. માતા સમાન બીજો કોઈ રક્ષક નથી. બાળક માટે માતા સમાન બીજી કોઈ પ્રિય વસ્તુ નથી.'

**—સંકલન**



## ।। હું જો દેવદૂત હોઉં તો 'મા', તું મારી પાંખો છે ।।

ખલીલ જિબ્રાનને એમની 'મા'એ એકવાર કહ્યું; 'જો તું સંન્યાસી થયો હોત અને મઠમાં હોત તો તારા માટે અને લોકો બંનેને માટે ઘણું સારું હતું.' દીકરાએ જવાબ આપ્યો : 'હા. 'મા' એ સાચું છે. પણ હું આ વિશ્વમાં આવ્યો એ પહેલાં જ મેં તને માતા તરીકે સ્વીકારી હતી.'

'મા'એ આગળ કહ્યું; 'તું મારે ત્યાં ન આવ્યો હોત તો દેવદૂત હોત !' ખલીલે ખુમારીથી કહ્યું; 'હજી પણ હું દેવદૂત જ છું.' 'મા'એ કહ્યું; 'પણ તને પાંખો કયાં છે ?' ખલીલે 'મા'ના હાથ ફેલાવીને પોતાને ખભે લગાડ્યા ને કહ્યું; 'જો મારી પાંખો આ રહી.'

અલબત્ત આ સાંભળી 'મા' નિસાસો નાખી બોલી, 'એ પાંખો તૂટેલી છે.'

કહેવાય છે કે; 'મા' સાથેનો આ સંવાદ જિબ્રાનના હૃદયમાં એટલી હદે ઘર કરી ગયો કે તેમણે એના પરથી એક કથા લખી અને એનું નામ 'The Broken wings' રાખ્યું.

**—સંકલન**

# ॥ આદિ શંકરાચાર્ય અને માતા આર્યમ્બા ॥

આદિ શંકરાચાર્યનો જન્મ દક્ષિણ ભારતના કેરળ રાજ્યના કાલડી ગામમાં, નામ્બુદ્રી બ્રાહ્મણ કુટુંબમાં ઈ.સ.૭૮૮માં થયો હતો. તેમના પિતાનું નામ શિવગુરુ અને માતાનું નામ આર્યમ્બા હતું. ભગવાન શંકરની કૃપાથી પ્રાપ્ત પુત્રનું નામ શંકર પાડવામાં આવ્યું.

ત્રણ વર્ષની ઉંમરે શંકરે અભ્યાસ શરૂ કરી દીધો. મંત્રો, છંદો, અલંકારો બધાંનું જ્ઞાન મેળવી લીધું. તેની સ્મૃતિશક્તિ અદ્‌ભુત હતી. તેની બુદ્ધિમતા લોકોને ચકિત કરી દેતી. તેને પાંચમે વર્ષે ઉપનયન સંસ્કાર આપવાનું માતાપિતાએ વિચાર્યું. પરંતુ પિતાનું અવસાન થતાં માતાએ હિંમત રાખી. પુત્રને યજ્ઞોપવિત અપાવ્યું ને ગુરુકુળમાં અભ્યાસ માટે મોકલ્યો. શંકરે લૌકિક વિદ્યા સાથે વેદનો પણ અભ્યાસ કર્યો. તેણે નાની ઉંમરે 'બાલબોધ' ગ્રંથની રચના કરી. વેદોના મંત્રોના અર્થો એના મનમાં આપોઆપ સ્ફુરણ પામતા. જડચેતનમાં સઘળે એક જ પરમેશ્વર રહેલો છે એ પરમ સત્ય એને બરાબર સમજાઈ ગયેલું.

વેદ-વેદાંતનો અભ્યાસ પૂર્ણ કરી શંકર સાતમે વર્ષે ગુરુકુળમાંથી 'મા'ની પાસે આવી ગયો. 'માતૃદેવો ભવ'નો આદર્શ એને ગળથૂથીમાં જ મળેલો. પૂર્ણા નદીમાં રોજ સ્નાન કરવા જતી માતા ઘરે આવતાં થાકી જતી. સખત ગરમીને કારણે નદીએ સ્નાન કરવા જતી આર્યમ્બા એક વખત ચક્કર આવવાથી રસ્તામાં જ ઢળી પડી. શંકર માતાને સાચવીને ઘેર તો લઈ આવ્યો. પણ નદી દૂર હોવાથી માતાને પડતી તકલીફમાંથી ઉગારવી કઈ રીતે ?



પ્રકૃતિ સાથે આત્મીયતા અનુભવનાર શંકરે પૂર્ણા નદીની સ્તુતિ કરી. શંકરે પ્રાર્થના કરી કે; 'હે મા ! (નદી એ પણ માતા જ છે ને !) તું તારું વહેણ બદલ. તું મારા ઘરની નજીકથી વહે તો મારી માતાનો નિયમ સચવાય અને તેને તકલીફ ના પડે.' શંકરની અંતઃકરણની માતૃભક્તિપૂર્ણ પ્રાર્થના પૂર્ણા નદીએ સાંભળી અને બીજા દિવસની સવારથી નદીને પોતાનું વહેણ બદલી, પોતાના ઘરની નજીકથી વહેતી જોઈ. આજે પણ કેરળના લોકો આ પૂર્ણા નદીને 'અમ્બા' તરીકે ઓળખે છે.

પ્રજ્ઞાવાન શંકર હવે લોકોને વેદનું શિક્ષણ આપવા માંડે છે. તેની કીર્તિ દિવસે દિવસે વધતી જાય છે. વિદ્વાનો પણ તેના વિદ્યાર્થી બની જાય છે. આ જોઈ માતા આર્યમ્બા અત્યંત પ્રસન્ન થાય છે પણ મનમાં ઊંડે ઊંડે ભય અનુભવે છે. તે શંકરના જન્માક્ષર એક પ્રખર જ્યોતિષીને બતાવે છે. તેણે કહ્યું; 'બાળકને આઠમે વર્ષે ઘાત છે.' આ સાંભળતાં જ માતાનો જીવ તાળવે ચોંટી ગયો. શંકરે આર્યમ્બાને કહ્યું; 'અરે મા ! આમાં તું ગભરાય છે શા માટે ? આ માનવજીવન છે જ ક્ષણભંગુર. કોણ ક્યારે મરશે એની કયાં કોઈને ખબર છે ? મોક્ષની પ્રાપ્તિ એ જ મનુષ્યના જીવનનું લક્ષ્ય હોવું જોઈએ.'

હવે શંકર આઠ વર્ષનો થયો. એકવાર માતા સાથે નદીએ ગયો. બંને જણ નદીમાં સ્નાન કરવા ઊતર્યાં. શંકર માતાથી થોડે દૂર સ્નાન કરી રહ્યો હતો. એવામાં મગરે એનો પગ પકડ્યો. તે શંકરને ઊંડા પાણીમાં તાણી જવા લાગ્યો. શંકરે બૂમ પાડીને કહ્યું; 'મા' ! મને બચાવ. મગરે મારો પગ પકડ્યો છે. એના મુખમાંથી હું બચવાનો નથી. અંત સમયે સંન્યાસ ધારણ કરવાનો

વ્યવહાર છે. માટે તું મને સંન્યાસી થવાની સંમતિ આપ. તો આ મગર મારો પગ છોડશે. અશ્રુપાત કરતી માતાએ નાછૂટકે 'તને ઠીક લાગે એમ કરજે બસ !' એમ કહી શંકરને સંન્યાસદીક્ષાની રજા આપી અને મગરે શંકરનો પગ છોડી દીધો !

ભગવાને જાણે શંકરના સંન્યસ્તનો માર્ગ મોકળો કરી દીધો. હવે શંકર સંન્યાસી બન્યો. સદ્ગુરુની શોધમાં નીકળતાં પહેલાં માતાને પ્રણામ કરવા ગયો. માતાએ પુત્ર પાસેથી વચન માગ્યું : 'પોતાના મૃત્યુની વેળાએ તે હાજર રહે અને એના અગ્નિસંસ્કાર કરે.' શંકરે હા કહી, ઘર છોડ્યું.

શંકરને નર્મદા કિનારે અમરકાન્તમાં ગોવિંદપાદ યોગીનાં દર્શન થયાં. શંકરને થયું, આ જ મારા સદ્ગુરુ છે. ગોવિંદપાદ પણ શંકરને જોતાં જ ઓળખી ગયા અને શિષ્ય તરીકે શંકરનો સ્વીકાર કર્યો.

એકવાર ગોવિંદપાદ શંકરાચાર્યને પોતાના ગુરુ ગૌડપાદના દર્શને લઈ ગયા. ત્યાં તેઓ ચાર વર્ષ રહ્યા. પરમ ગુરુની આજ્ઞાથી ત્યાં અનેક ગ્રંથોની રચના કરી. પ્રસ્થાનત્રયી (બ્રહ્મસૂત્ર, ઉપનિષદ્, શ્રીમદ્ ભગવદ્ગીતા) ઉપરનાં ભાષ્યો, રચાયાં. ગૌડપાદે શંકરાચાર્યને હૃદયથી આશીર્વાદ આપ્યા અને દેશમાં પરિભ્રમણ કરવાની આજ્ઞા આપી.

રાષ્ટ્રપરિભ્રમણના સંકલ્પને અમલમાં મૂકે તે પહેલાં જ તેમને માતા આર્યમ્બાનું તીવ્ર સ્મરણ થયું. એ વધુ વિચારે ત્યાં જ એમણે પૂર્વાશ્રમના સંબંધી અગ્નિશર્માને જોયો. તે માતાની નાદુરસ્ત તબિયતના સમાચાર લઈને આવ્યો હતો. આર્યમ્બા હવે વધુ નહિ જીવે એવું જાણતાં જ શંકરાચાર્ય વચનપાલન માટે કાલડી જવા નીકળ્યા.



શંકરાચાર્ય બનતી ત્વરાએ કાલડી પહોંચ્યા અને માતાના ચરણોમાં પ્રણામ કર્યા. માતાની આંખોમાંથી ચોધાર અશ્રુ વહ્યાં. સાતેક વર્ષે પોતાના પનોતા પુત્રનું મુખ જોવા મળ્યું. પોતાને આપેલું વચન પુત્રે પાળી બતાવ્યું. એનો એમને આનંદ હતો. તો પુત્રને પણ અંત સમયે માતાનાં દર્શન થયાં એનો સંતોષ હતો.

શંકરાચાર્યે આર્યમ્બા પાસે રહી, તેમની ખૂબ સેવા કરી. હંમેશાં માતાની પથારી પાસે જ બેસી રહેતા. દવા આપે, ભોજન કરાવે, પંખો નાખે, પૂર્ણા નદીમાંથી જળ લાવી સ્નાન કરાવે. આ બધું સ્વયં કરી, શંકરાચાર્યે સમાજ સમક્ષ 'માતૃભક્તિનો જીવંત આદર્શ' મૂક્યો.

એક દિવસ આર્યમ્બાએ શંકરને કહ્યું; 'તું સમગ્ર દેશમાં પરિભ્રમણ કરી બધાંને વૈદિક ધર્મ સમજાવવાનો છે. તો મને તો કંઈ સંભળાવ. મરતાં મરતાં મને એવું કાંઈ જ્ઞાન આપ જેથી મારું કલ્યાણ થાય.'

પરમ તત્ત્વજ્ઞાની શંકરાચાર્યે માતાને માટે 'તત્ત્વબોધ' ગ્રંથની રચના કરી. તો માતાએ કહ્યું; 'બેટા! આ બધામાં મને તો શું સમજ પડે ? તારી આ બધી જ્ઞાનની વાતો સામાન્ય માણસ ક્યાંથી સમજી શકશે ?' તું મને ભગવાન કૃષ્ણનાં ગુણગાન સંભળાવ. શંકરાચાર્યે માતા માટે 'કૃષ્ણાષ્ટક'ની રચના કરી, એના સ્તોત્રગાનથી માતાને જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત કરાવ્યાં. કૃષ્ણાષ્ટક સાંભળવાથી આર્યમ્બાને પરમ શાંતિ મળી એ અનુભૂતિ સાથે શંકરની હાજરીમાં જ તેઓ ચિર શાંતિમાં પોઢી ગયાં.

એક સંન્યાસી માતાના દેહને અગ્નિસંસ્કાર ન કરી શકે એવી સમાજની રૂઢિ વિરુદ્ધ શંકરાચાર્યે પોતાનો અગ્નિસંસ્કાર પુત્ર કરે એ માતાને આપેલા વચનનું પાલન કર્યું.

સમાજે તેમના નિર્ણયનો વિરોધ કરી, તેમના માતાની અંત્યેષ્ટિ વિધિમાં સાથ-સહકાર ન આપ્યો. શંકરાચાર્યે એકલા હાથે ઘરના આંગણામાં જ ચિતા તૈયાર કરી, પોતાની યોગશક્તિથી અગ્નિ પેટાવી માતાને અગ્નિદાહ દીધો.

માતા પ્રત્યે આવો ઊંડો સ્નેહ, અપૂર્વ ભક્તિ ધરાવતા શંકરાચાર્યે માતાના આ પ્રસંગે 'માતૃસ્તુતિ' નામનું કાવ્ય રચ્યું જેમાં માતૃપ્રેમનું અત્યંત સુંદર વર્ણન છે.

સાચે જ, શ્રી શંકરાચાર્યનો માતા આર્યમ્બા સાથેના ભાવસંબંધનું સાતત્ય, સ્થિર સંતુલિત પ્રેમતત્ત્વ સિદ્ધ કરે છે કે, 'શંકરાચાર્ય કેવળ એક પ્રતિભાવંત દાર્શનિક જ ન હતા. એ સત્યદ્રષ્ટા ઋષિ હતા. એ દેહધારી હોવા છતાં વિદેહ હતા. માનવ હોઈને પણ અ-માનવ(દિવ્ય) હતા. લોકવાસી હોઈને પણ લોકોત્તર હતા.'

આદ્ય શંકરાચાર્યનો આ 'મા' વિશેનો કાવ્યોદ્ગાર અત્યંત સહજ માર્મિક અને સુંદર છે :

'મા, તેં દુ:સહ વેદના પ્રસવની જે ભોગવી ના ગણું
કાયા દીધ નિચોવી, ના કહું ભલે તે ધોઈ બાળોતિયાં
આ જે એક જ ભાર માસ નવ તેં વેઠ્યો હું તેનું ઋણ
પામ્યો ઉન્નતિ તોય ના ભરી શકું. તે માતાને નમું.'

—સંકલન



# ॥ જીવનસંધ્યાનું ઐશ્વર્ય ॥

"ઈશ્વરે આવતીકાલની બાંહેધરી
આજસુધી કોઈને પણ આપી નથી."

કોઈ વ્યક્તિની પાછલી જિંદગી કેવી જશે એ વિશે અગાઉથી આગાહી કરી શકાય એવું નથી !! એ જીવન શાંતિપૂર્ણ અને નીરોગી પણ હોઈ શકે છે તો વિપરીત, એકાંગી, નીરસ, ભારરૂપ અને પીડાકારી પણ સંભવી શકે છે. દીકરા-દીકરીઓ, વહુઓ અને સગાસંબંધી હોવા છતાં ઘરના એક ખૂણે કે વૃદ્ધાશ્રમમાં એકલવાયું અને ઉપેક્ષાભર્યું જીવન વિતાવવું પડતું હોય એવું શક્ય છે. તો બીજી બાજુ દીકરા-દીકરીઓ, વહુઓ ને મિત્રો, સગાસંબંધીઓ તરફથી એટલો પ્રેમ, આદર અને હૂંફભર્યો સદ્ભાવ મળી શકે છે કે નિવૃત્તિનો છેલ્લો સમય સુખપૂર્ણ, શાંતિભર્યો અને જીવનના શિખર પર પહોંચ્યા પછીની ધન્યતાથી ભરેલો પણ હોઈ શકે છે. ઘડપણ ક્યારેક પ્રભુના આશીર્વાદ જેવું તો ક્યારેક રીતસરનો અભિશાપ હોય એવું પણ વીતી શકે છે. જિંદગીના છેલ્લા શ્વાસ ક્યારે પૂરા થાય તેની ક્યારેક રાહ પણ જોવાતી હોય છે. તો એનાથી ઉલટું થોડુંક વધુ જીવવાનું મળી જાય તો કેવું સારું...! એવી અભીપ્સા પણ માણસના મનમાં જાગતી હોય છે.

વૃદ્ધાવસ્થા એ સામાજિક દૃષ્ટિએ નિવૃત્તિ અને આરામની ઉંમર ગણાય છે. પણ આજકાલ એક યા બે સંતાન હોય એવા માબાપને ભાગ્યે જ નિવૃત્તિ કે આરામ મળી શકે છે. એક જ દીકરી હોય તો દીકરી લગ્ન પછી પોતાના પરિવાર સાથે દૂર અને ક્યારેક વિદેશમાં હોય છે. દીકરાને અભ્યાસ પૂરો થયા

પછી પોતાના જ શહેર કે ગામમાં નોકરી મળે એવું નક્કી નથી. મા-બાપને આરામ આપવાની ઈચ્છા હોવા છતાં દીકરાને નોકરીમાં સેટ કરવા નાનકડું ભાડાનું મકાન લઈ એકલા કે પત્ની સાથે રહેવું પડે છે. ક્યારેક મા-બાપ દીકરાને ચિંતામાં મૂકવા માગતા નથી હોતા. આથી કુટુંબમાં જુવાન દીકરો-વહુ હોવા છતાં વતનમાં પોતાનું ઘર સંભાળવા એકલા જ રહે છે. આથી કરી પાછલી જિંદગીમાં પણ ઘર ચલાવવા માટેની ચિંતામાંથી મુક્તિ મળતી નથી. ઘણીવાર અભ્યાસ માટે પણ દીકરા-દીકરીને મા-બાપથી દૂર રહેવું પડે છે અને એ પછી નોકરી મળતાં કે લગ્ન પછી ઊભા થયેલા સંજોગોના કારણે મા-બાપથી અલગ રહેવું પડે છે.

ઈચ્છવા છતાં પોતાને સંતાન ન હોય એવી સ્થિતિમાં જિંદગીભર હૂંફ કે સહારા વિનાનું જીવન વિતાવવા દંપતી પણ આપણી આસપાસ છે. જો કે સમજદાર દંપતીએ આવી સ્થિતિમાં આગળથી જ એવું આયોજન કરવું રહ્યું કે પાછલી જિંદગીમાં આર્થિક ભીંસ ઊભી ન થાય. માલિકીનું ઘર બાંધી ઘરકામ માટે માણસ રાખી શકે એટલી એકધારી આવક ઊભી કરી શકે છે. નિવૃત્તિ પછી આજકાલ પૅન્શન પણ પૂરતું મળતું હોય છે. પાછલી જિંદગીમાં કોઈની સામે હાથ લંબાવવો ન પડે એ રીતે પહેલેથી જ પૅન્શન, વ્યાજ કે ભાડાની રકમ મળ્યા કરે એવી વ્યવસ્થા ગોઠવાતી હોય છે. એક બે સંતાન હોય તો પણ પાછલી ઉંમરમાં એમને કોઈ ચિંતા કરવી ન પડે એ રીતે પોતાની જરૂરિયાત મુજબ સારવાર, તીર્થયાત્રા કે ગમતી પ્રવૃત્તિ કરી શકાય એવું આયોજન કેટલાંક સમજદાર દંપતી કરી લેતાં હોય છે.



પરિવારની દરેક પુખ્ત વ્યક્તિએ પોતપોતાનો વ્યવસાય કે નોકરી ધંધો કરવો પડતો હોય એવા કુટુંબમાં વડીલોનું કામ જિંદગીભર છૂટતું નથી. દીકરો અને વહુ બંને નોકરી ધંધા પર જતા હોય તો ઘરમાં રહેતા મા-બાપ કે વડીલોએ થોડું ઘણું કામ કરવું જ પડે છે. પ્રપોત્રોને સાચવવા પડે છે. અભ્યાસ પૂરો કરી, દીકરીઓ પણ સર્વિસ કરતી જ હોય છે અને લગ્ન સુધીની કે લગ્ન પછી પણ સર્વિસ ચાલુ રાખતી હોવાથી મા-બાપને છેક વૃદ્ધાવસ્થા સુધી ઘરકામમાં મદદ કરવી પડે છે.

વૃદ્ધાવસ્થામાં પતિ-પત્નીમાંથી કોઈ એક શરીર છોડીને ચાલ્યું જાય તો પાછળ બચેલી વ્યક્તિએ સંતાનો, વહુઓ કે સગાસંબંધીઓ સાથે જિંદગી વિતાવવી ભારે પડી શકે છે. છોકરા-છોકરીઓને ભણાવ્યાં હોય, લગ્ન કરી આપ્યાં હોય અને છેલ્લે હવે પોતાને સહારાની જરૂર હોય ત્યારે વારાફરતે દીકરાઓને ત્યાં થોડો થોડો સમય વીતાવવા કે, પોતે બોજરૂપ બની ગયેલ છે એવું અનુભવતા મા-બાપની પાછલી જિંદગી એવી વ્યથાભરી હોય છે કે નિકટતાની પળોમાં એમની મૂંઝવણ અને વ્યથા સાંભળીએ તો જ ખ્યાલ આવે.

પોતાની પાછલી જિંદગી રોગરહિત અને આત્મનિર્ભર હોય તો સારું. બાકી અચાનક કોઈ બીમારી આવે, અકસ્માતે હાડકાં ભાંગે, પરાધીન થઈને જીવવું પડે તો એના જેવી પીડા અસહ્ય છે. આજના જમાનામાં સંતાનો પાસે પણ સમય નથી. પોતાની જ જિંદગીમાં એ એટલા બધા અટવાયેલાં હોય છે કે મા-બાપ પાસે ઈચ્છે તો પણ રહી ન શકે, સારવાર કરવી હોય તો પણ કરી ન શકે. અથવા કેટલાક કેસમાં સંતાનો સારી સ્થિતિમાં હોય તો સારવાર અને બીજી જરૂરત માટે આર્થિક વ્યવસ્થા કરી શકે

છે પણ પોતાનાં મા-બાપ માટે સમય કે એમના છેલ્લા સમયમાં હૂંફ આપવાની. મા-બાપે એમના માટે જે કંઈપણ કર્યું એ બધું જ મગજમાંથી નીકળી જાય છે એટલું જ નહિ પોતે મા-બાપ માટે કશુંક કરી રહ્યા છે તે કંટાળાજનક અને સમયની બરબાદી લાગે છે.

વલવલિયાં કે ભાર રાખીને જીવતા વડીલો કોઈનોય પ્રેમ મેળવી શકતા નથી. આવા લોકો પોતાની પાછલી ઉંમરમાં પ્રેમ વિનાનું, એકલવાયું અને વ્યથાભર્યું જીવન વિતાવે છે. તેમ જીભના ચટાકા જાળવી રાખનાર વૃદ્ધો પણ પોતાના શરીરથી જ હારી જાય છે. આથી પ્રથમથી જ ખાવા-પીવામાં, જીવનવ્યવહારમાં સંતુલન રાખવું જોઈએ. પૂરતી ઊંઘ મળે, સાચી ભૂખ લાગે તે માટે માણસે રોજ થોડો વ્યાયામ, ચાલવાની ટેવ પાડવી જોઈએ.

ધ્યાન રહે પોઝિટિવ થિંકિંગ અને આધ્યાત્મિક અભિગમ જીવનનો આધાર બની રહે છે. કટોકટીની પળોમાં વ્યક્તિ ભાંગી પડતી નથી. છેક સુધી એ સ્વસ્થ-નીરોગી અને આનંદભર્યું જીવન જીવી, પાછળ થોડી સુવાસ છોડીને વિદાય થાય છે.

કાયમ નકારાત્મક વલણ રાખીને જીવતા, સંબંધો બાંધી કે સાચવી ન શકતા, છેક સુધી સંતાનોને વારસો કે વ્યવહાર પ્રેમે ન સોંપનાર વડીલો લાચાર સ્થિતિમાં મુકાય છે ત્યારે તેમને માટે તો જીવનનો પાછલો સમય દોઝખ જેવો બની જાય છે. રાતભર ઊંઘ ન આવે, શ્વાસ ચડે, ખોં..ખોં..કરવું પડે, સાંધા અને કમર જકડાઈ જાય, શરીરના દરેક અંગમાં પીડા થતી હોય, ચામડીનો કોઈ રોગ થયો હોય, તીવ્ર ડિપ્રેશન કે સ્મૃતિ ચાલી જવી એવી



જિંદગી પોતાના માટે દુઃખપૂર્ણ અને બીજા માટે ભારરૂપ બની જાય છે. બાજુમાં સૂતેલી પત્ની કે લાગણીશીલ સંતાનો પણ પોતાનું દુઃખ ઓછું કરી શકતાં નથી. પોતે જ પોતાના પીડાભર્યા સમયને મને-કમને પૂરો કરવો પડે છે.

પોષક આહાર, સાધન સુવિધા શરીર સારવાર કે દવાઓના કારણે ભારતમાં વડીલોનું સરેરાશ આયુષ્ય ૭૦-૭૨ વર્ષનું થયું છે પણ સાથોસાથ ઘડપણ વસમું, એકલવાયું અને બોજારૂપ બનતું જાય છે. સમાજમાં અને આખા વિશ્વમાં વૃદ્ધોની સમસ્યા વધતી જાય છે. અનેક નવા નવા વૃદ્ધાશ્રમો ખૂલતા હોવા છતાં પ્રવેશ મેળવવા લાઈનમાં ઊભા રહેવું પડે છે !

જીવનસંધ્યાના અંતિમ પડાવે જ્યારે શરીર અને સંબંધો જીર્ણ થઈ જાય છે ત્યારે વિવેકી માણસોએ ૫૦ વર્ષ વટાવતાંની સાથે જ જીવનનાં અંતિમ ૩૦-૪૦ વર્ષનું આયોજન કરવું જોઈએ. સ્વસ્થ શરીર અને સાદગીભર્યા આરોગ્યપ્રદ જીવન પૂરતી આર્થિક સગવડ વ્યક્તિનો છેલ્લો સહારો બને છે. પ્રેમાળ સ્વભાવ અને ઈશ્વરચિંતનથી માણસ સતત હકારાત્મક રહે છે. મનુષ્યઊર્જાનું ઐશ્વર્યમાં પરિવર્તન અહીંથી જ આકાર લે છે તે ન ભૂલવું.

ઈશ્વરે આવતીકાલની બાંહેધરી કોઈને પણ આપતો નથી, ત્યારે નૂતનવર્ષે સંકલ્પ કરીયે કે સ્વસ્થતાથી વર્તમાનમાં જ જીવીશું.

—ડૉ.નાનક ભટ્ટ